સળગી રહી છે
સરહદો

(દેશપ્રેમનાં કાવ્યો)

ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ–૩૮૮૦૦૧

Salagi Rahi Chhe Sarhado

સળગી રહી છે સરહદો

Poems full of Patriotism

By **Chandrakant Rao - 2010**

Pub. by M.M. Sahitya Prakashan,
Mahavir Marg, Anand - 388001.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂ. : ૭૫

ટાઈપ સેટીંગ: Mayur's

સજાવટ: ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

આવરણ: ચરોતર સાહિત્યાલય, નડિયાદ

પ્રકાશક: **એમ.એમ.સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ આણંદ


મુદ્રક: **અર્પણ પ્રિન્ટરી**
રાધાસ્વામી ચેમ્બર્સ, ભાલેજ રોડ, આણંદ.

VISIT…

LANZAROTE
Caliente.COM




બે માનવપ્રેમી સંતો



રામકથા દ્વારા પ્રભુભક્તિની
સાથે સમાજસેવા અને
દેશ, પ્રેમનું અમૃતપાન
દેશ વિદેશમાં કરાવતા
પરમ આદરણીય
પૂજ્યશ્રી મોરારિબાપુ


તથા



ભાગવત અને ગીતાના
જ્ઞાનામૃતના રસપાન દ્વારા
દેશવિદેશમાં માનવતાના દીપ
પ્રગટાવતા **પૂજ્યશ્રી રમેશભાઈ**
ઓઝા (પૂજ્ય ભાઈશ્રી) ને
આ સંગ્રહ નમ્રભાવે સાદર
અર્પણ


- ચંદ્રકાન્ત રાવ

લેખકનું અન્ય શાયર-લેખક દ્વારા સ્વાગત



શ્રી ચંદ્રકાન્ત રાવની નવલકથા (કુમકુમ પગલે) ના લોકાર્પણ પ્રસંગે (તા. ૧૯-૪-૦૯) સમારંભના અધ્યક્ષ અને જાણીતા શાયર નવલકથાકાર શ્રી ખલીલ ધનતેજવી પુષ્પગુચ્છથી લેખક અને પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવને પુષ્પગુચ્છ અર્પી અભિનંદે છે.

દાદાને અભિનંદતો પૌત્ર ચિ. કર્મન



પ્રેમાનંદ સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૧૯-૪-૦૯ ના રોજ શ્રી ચંદ્રકાન્ત રાવની નવલકથા 'કુમકુમ પગલે'ના લોકાર્પણ બાદ પૌત્ર ચિ. કર્મન શેકહેન્ડ કરી દાદાને અભિનંદન આપે છે એ દશ્ય કેવું સુભગ લાગે છે! બાજુમાં સર્વશ્રી પ્રિયકાન્ત પરીખ, પુરુરાજ જોષી અને ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ શાહ તથા દીપ સંકોરતા કા. કા. પ્રમુખશ્રી સુરેશભાઈ શાહ દેખાય છે. પાછળ લેખકના લઘુબંધુ પ્રો. બાબુભાઈ હ. રાવ.

શ્રી ચંદ્રકાન્ત રાવનાં પુસ્તકો

નવલકથા :-

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃતિ)
૨. આરાધના (ગ્રન્થસ્થ અને ધારાવાહિક)
૩. જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ)
૪. સામે કાંઠે શ્યામ (બે આવૃત્તિ)
૫. રમત રમાડે રામ
૫-એ. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ)
૬. કુમકુમ પગલે

વાર્તાસંગ્રહ :-

૧. સ્નેહદીપ ૨. ઘરભણી
૩. આંબાની ડાળ ૪. પીળાં પાંદડાંની લીલાશ

કાવ્યસંગ્રહ :-

૧. ગોરી મારા ગામની ૨. ઝરમર ઝરમર
૩. અલ્લક દલ્લક ૪. શ્રધ્ધા
૫. સળગી રહી છે સરહદો

બાળકાવ્ય સંગ્રહ :-

૧. છબછબિયાં ૨. ચાંદામામા પોળી
૩. મોહન મોરલીવાળો ૪. છુક છુક ગાડી
૫. હસતો રમતો ગાય કનૈયો
૬. નંદ ઘેર આનંદ ભયો

ચિંતન લેખો :- ૧. વિસામો ૨. ગોરસ ૩. દીવાદાંડી
૪. રાખનાં રમકડાં ૫. આસપાસ

-: થોડાક અભિપ્રાય :-

આ સંગ્રહ (ચાંદામામા પોળી)માં કવિએ બાળકના ચિત્તની ચંચળતાનો ખ્યાલ રાખી નાનાં કાવ્યો લખવાનો પ્રયત્ન કર્યો છે, તો થોડાંક લાંબા કાવ્યો પણ છે. કવિ પોતાનાં કાવ્યો દ્વારા બાળકોમાં દેશપ્રેમ, પ્રકૃતિપ્રેમ અને માનવપ્રેમનું સિંચન કરે છે.

- યશવંત કડીકર (તાદર્થ્ય, જુલાઈ ૨૦૦૭)

'ગોરી મારા ગામની' એ જાણીતા લેખક, કેળવણીકાર અને પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવનો ઉત્તમ સંગ્રહ છે, જેને વાંચકો અને વિવેચકોએ આવકાર્યો છે.

- ગુજરાત દર્પણ (જાન્યુઆરી, ૨૦૦૮)

શ્રી ચંદ્રકાન્ત રાવની કલમ સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં વિહરે છે. તેઓ સફળ સાહિત્યકાર છે. 'ચંદામામા પોળી'નું વિષય વૈવિધ્ય ન્યારું છે. અહીં પ્રત્યેક કાવ્યે આનંદની છોળો ઊડે છે. ઉખાણાં અને કોયડા એની વિશેષતા છે.

- રવીન્દ્ર ઠાકોર (કિતાબઘર-લોકસભા જનસભા, ૨૩-૯-૦૭)

'ગોરી મારા ગામની'માં દેશપ્રેમ, પ્રાંતપ્રેમ અને શ્રમિકોનાં ચિત્રો છે. નારી ચેતનાનાં અનેક દશ્યો અહીં ઝીલાયાં છે. ચંદ્રકાન્તભાઈ સફળ લેખક અને કવિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે.

- પ્રફુલ્લ ભારતીય (સાક્ષરભૂમિ, સાહિત્ય સૌરભ, ૨૩-૧૧-૦૭)

બાલકાવ્ય શ્રી ચંદ્રકાન્તભાઈના કાવ્યસર્જનની વિશેષ મહેક છે. સાંભળવા ગમે, પછી બોલવાં ગમે અને પછી તો ગણગણતાં જ રહીએ એવાં લયમાં ભાવનું નિરૂપણ થયું છે. 'મોહન મોરલીવાળો'ની રચનાઓ સંચયની ચિરંજીવ સ્મૃતિ બની રહેવા સક્ષમ છે.

- ડૉ. વિરાંચી ત્રિવેદી

(જાણીતા કવિ, વિવેચક)

શ્રી ચંદ્રકાન્ત રાવના કાવ્યસંગ્રહ 'ગોરી મારા ગામની'માં પ્રેમદીવાની મીરા, કૃષ્ણઘેલી રાધા કે શ્રમજીવી શ્યામા જેવાં અનેક પાત્રોના હૃદયભાવ ઝીલાયા છે, તો ગોકુળિયા ગામથી માંડી ગુજરાત પ્રેમ કે દેશપ્રેમની ભાવના વ્યક્ત થઈ છે. અહીં વસંત અને વર્ષાનાં ઋતુગીત છે તો ઊર્મિગીતો, ભક્તિગીતો કે દેશપ્રેમનાં ગીતોની ફૂલગૂંથણી છે. કટાક્ષ કાવ્યો, અંજલિ કાવ્યો કે અછાંદસ રચનાઓ પણ માણવી ગમે એવી છે. પ્રત્યેક ગીતમાં કવિનો પ્રકૃત્તિ પ્રેમ અને માનવ પ્રેમ દષ્ટિગોચર થાય છે.

- કીર્તિકાન્ત પુરોહિત

(જાણીતા કવિ, વાર્તાકાર)

'મેળામાં મ્હાલતી ગોરી મારા ગામની'... ગતિશિલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે!

(જાણીતા કવિ, વિવેચક)- ડૉ. સુભાષ દવે

આ સંગ્રહ વિશે થોડું....

પ્રસ્તાવના

દેશપ્રેમનાં કાવ્યોનો આ સંગ્રહ છે. ૧૯૪૭માં ભારતદેશ આઝાદ થયો ત્યાર પછી એકપણ દિવસ એવો નથી આવ્યો કે દેશની સરહદો શાંત હોય અને આપણે નિરાંતે દેશની પ્રગતિ માટે કામ કરી શકીએ. અશાંતિ ગમે તે દેશ તરફથી હોય, પણ આપણા લશ્કરોએ સદાય સાબદા રહેવું પડે છે. આઝાદીનું એ રીતે ઘણું મૂલ્ય આપણે ચૂકવવું પડે છે. માટે જ કહેવું પડે છેઃ **'જાગો યુવાનો દેશના, સળગી રહી છે સરહદો.'**

અહીં જુદાં જુદાં કાવ્યોમાં વિવિધ રીતે દેશદાઝની વાત કહેવાઈ છે. એમાં આપણી આંતરિક નબળાઈઓનો પણ પડઘો પડે છે. ખાસ કરીને સ્વાર્થી રાજકારણીઓની વાતો પણ અહીં કહેવી પડી છે. બીજે તો ઠીક, પણ ગાંધીજીના દેશમાંય સત્ય અને નીતિનું ધોવાણ થઈ રહ્યું છે ત્યારે કાવ્યોમાં એ વાતો પડઘાય જ ને? સમયે સમયે વિવિધ સામયિકો કે વર્તમાનપત્રોમાં આમાંનાં ઘણાં કાવ્યો છપાયાં છે.

સુજ્ઞ ભાવકોને આ કાવ્યો પ્રેરણાદાયી લાગશે અને ગમશે એવી શ્રધ્ધા છે. આ વાંચીને કોઈના હૃદયમાં દેશપ્રેમનો દીવો પ્રગટશે તો મારો શ્રમ સાર્થક થશે.

એમ. એમ. સાહિત્ય પ્રકાશનવાળા શ્રી યાકુબભાઈએ સામેથી માગીને આ સંગ્રહ છાપ્યો. એમના હૃદયપૂર્વકના ધન્યવાદ.

વાંચકોના પ્રતિભાવની અપેક્ષા તો રહેજ. ખાસ કરીને યુવાનોએ તો **'યા હોમ કરીને પડો'** ની ભાવનાથી જીવનમાં સતત જાગૃત રહી પ્રગતિશીલ રહેવું જોઈએ. એમને આમાંથી થોડી પણ પ્રેરણા મળશે તો આનંદ થશે.

– ચંદ્રકાન્ત રાવ

સી/૧૨, કસ્તુરી નગર,
માંજલપુર નાકા,
લાલબાગ રોડ, વડોદરા – ૩૯૦૦૦૪
ફોન : ૨૬૫૭૩૫૯


સળગી રહે છે સરહદો

અનુક્રમણિકા

૧. ગુજરાત મલકે છે!

કાંકરિયાની પાળે અમદાવાદ જાગે છે,
ભદ્રકાળી મંદિરીયે આશિષ માગે છે.
'દીધા-લીધા'ના સાદે અમદાવાદી રાચે છે,
ફાફડા જલેબી તાજાં લક્ષ્મીવિલાસ આપે છે.
સીદી સૈયદની જાળી પથ્થર ગીત ગાયે છે,
લાલ દરવાજે ઊભા ઈન્દુલાલ ગાજે છે!
લો ગાર્ડનમાં સાંજે યુવાની રંગ લાવે છે,
ખાણીપીણી ના નામે, ભૂખ હૈયાની ભાગે છે!
'કુત્તે પે આયા સસ્સા' એવી ખુમારી આજેય છે,
રવિશંકરના આશિષ અહર્નિશ સાથે છે.
અર્ધ શતાબ્દિ ટાણે સ્વર્ણિમ ભૂમિ ઝળકે છે,
અમદાવાદને આંગણિયે ગુજરાત મલકે છે!

'સ્વર્ણિમ ગુજરાત' ઊજવણી પ્રસંગનું કાવ્ય. ૧૩-૪-૧૦
'અમદાવાદ બતાવું ચાલો'' સંગ્રહમાં ગ્રન્થસ્થ




૨. અમૂલો અવસર આવ્યો

આઝાદીની અર્ધ શતાબ્દી,
દીર્ઘ પથનો ઘડી બે વિસામો,
અમૂલો આ તો અવસર આવ્યો
એકાંતે આત્મમંથન તણો.
જમા ઉધારના હિસાબ માંડીને
વધઘટનાં આવો લેખાં લઈએ,
નફો ખોટ જાણી સમજીને
ભાવિનાં નવ નિર્માણ કરીએ.
વાળી ઘસી લૂંછી અંતરતમ
આ અવસરે ઉજળાં થઈએ,
દીન દુઃખીયાંના આંસુ લૂંછી
પ્રગતિ પંથે સાથે રહીએ,
ખંતે ખેડી વાટ વિકાસની
ભારત માને ચરણે નમીએ.

('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પ્રસારિત ૨૬-૨-૯૮)

૩. લહર ત્રિરંગા પ્રાણથી પ્યારા



લહર લહર ગગન ત્રિરંગા
આઝાદી દિન આજ છે,
ગુલામીની જંજીરો તૂટી
માતાને શિર તાજ છે - લહર લહર.
ઝરમર ઝરમર મેઘા વરસે
પંદર ઓગષ્ટ શુભ દિને,
વિદાય કર્યા'તા આજ વિદેશી
દેશ મારે સ્વરાજ છે. - લહર લહર.
કુસંપ અજ્ઞાન રોગ ગરીબી
દૂર કરવા સમાજથી
દુઃખ હરી સુખ દેવું સૌને
રક્ષવી માતની લાજ છે. - લહર લહર.
શાન બાનથી લહર ત્રિરંગા
તુજ પર અમને નાઝ છે,
લહર ત્રિરંગા પ્રાણથી પ્યારા
ઓગષ્ટ ક્રાંતિ માસ છે. - લહર લહર.

(ભટ્ટભાસ્કર)

૪. એના નામે!

એમની પાસે ટંકે ખાવાનો રોટલો ય નથી,
રહેવા ઘર તો શું, પડી રે'વા ઓટલોય નથી,
ટાઢે શરીર થરથરે છે એનું,
ને દેહ દાઝે છે ગરમીમાં,
પણ પહેરવા પુરતાં વસ્ત્રોય નથી!
દિનભર કાળી મજૂરી કરી
લૂખો સૂકો બટકુ રોટલો ખાઈ,
પાણી પી પેટનો ખાડો પુરનારાં
ને રાત્રે પ્રભુ-ભજન કરી
આનંદથી ફૂટપાથ પર સુનારા
લાખો શ્રમજીવીઓને
શી પડી છે મંદિર કે મસ્જિદની?



એને મન રોટલો એ જ રામ,
બે ટંકનું અનાજ એ જ અલ્લા.
છતાં એના નામે રોટલો શેકનારા
ખુરશીના ખેલંદાઓ, રાજપદ પામવા
દેશમાં ઘમસાણ મચાવે છે,
એમનો અમલ અમર રહે માટે
લડાવી મારે છે નિર્દોષ જનતાને!
સ્વાર્થીને સમજ ક્યાંથી હોય?



૫. અમારા ચૂંટેલા...

આજે ન સૂરજ પ્રકાશ દેતો,
ચાંદો ન આજે આપે શીતળતા,
સાગર દીસે છે સોષાયો આખો,
ભૂખ્યા સાદ દેશે સંભળાય લાખો,
મા ભારતી આંખ આંસુ દડે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!

જઠરાગ્નિ જાગ્યો ભૂખ્યાં જનોનો,
કલાકો ખડાં એ હારોમાં લાંબી
મૂઠી ધાન કાજે ધૂણી ધખાવી
ઊભી માત ઘેરે બાળક રડાવી.
ભૂખે-થાકેલી એ ધરણી ઢળે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!



સેવક કહાવી ભીખ્યા વોટ ઝાઝા,
બની શઠ મૂકી જુલ્મોની માઝા,
ખુરશી ઈજારા કોન્ટ્રાકટ કો'ને,
છૂટે હાથ લ્હાણી દીધી હાથીઓને,
ભૂખે તો બિચારી કીડીઓ મરે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!

આચાર-ભ્રષ્ટો, વિચાર-ભ્રષ્ટો,
ગાદી પચાવી કરતા અનિષ્ટો,
મોંઘી ચીજ સૌ, અછત છે ભારે,

જનતા જીવે છે ખાંડાની ધારે,
બની વાડ સેવક ચીભડાં ગળે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!

વ્હેંચાય ખુરશી, વેચાય સભ્યો,
દસવાર દિનમાં કહે : 'પક્ષ પલટ્યો',
વેશ્યા ભમે જેમ વનમાં સ્વચ્છંદે.
સેવક મદીલો ફરે પેટ ઠંડે,
જરૂર પડે ના શોધ્યા ય જડે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!


ખુરશીની ખેંચમતાણી જ ચાલે,
ચડે એક ઉપર, બીજાને પછાડે,
વળી મલ્લ યોધ્ધા નવો દાવ નાખે,
સ્વાર્થાંધ ના શિષ્ટ આચાર રાખે,
નીતિ નિયમ ક્યાં કશુંયે અડે છે?
અમારા ચૂંટેલા અમોને નડે છે!

દિલ્હી તરફ સૌ સદા મીંટ માંડે,
આશિષ લેવા નિત ત્યાં એ દોડે,
દરબારમાં જઈ કુરનીશ બજાવે,
સ્વમાનનો ના છાંટો બતાવે,
સુખે સૂવે એને જનતા સડે છે,
અમારા ચૂંટેલા અમોને નડે છે!

(ભટ્ટભાસ્કર - જુલાઈ -૧૯૭૪)

૬. બાફોર્સ ગર્જે છે!

સહુ ચલો જીતવા જંગ,
બોફોર્સ તોપો ગર્જે છે,
ભારતના ભડવીર જવાનો,
ઈતિહાસ અનોખો સર્જે છે!
જાગો કારગીલ ખીણમાં
નાપાક પડોશી ઘૂસ્યો છે,
વારંવાર હાર્યા છતાં
ડોલર ખોટા ખર્ચે છે!



શૂરવીર સૈનિક દેશના
કફન બાંધી ઝૂઝે છે,
અગન-ગોળા વરસાવે એવા
દુશ્મન થરથર ધ્રૂજે છે!
વરમાળ પહેરી વિજયની એ
કુશળ પાછા આવશે,
સમરાંગણે શહીદ થનારા
સીતારા થઈને ચમકે છે!

(૬-૭-૯૯)

૭. મારીએ રોજ ગાંધી!



બાપુ!
જન્મ્યા તમે અહીં શાને?
અહિંસા મિટવવાને?
અસત અને આંધીભર્યા જગે
શાંતિ પ્રસરાવવાને?
જાણીને ખુદ ઝેર પી
અમૃત અહીં રેલાવવાને?
ભૂલ્યા તો તો!
(તમેય ભૂલ્યા બાપુ?)



અમે તો એવા કે-
વધસ્તંભે ઈશુ વધેરીએ,
સુકરાતને પ્યાલો
વિષનો ધરીએ,
લિંકનને ગોળીએ દઈને
રાવણ બની સીતા હરીએ!
સત સાથે અમારે સંબંધ શો?
અહિંસાને શીદ ઉપાસવી?
સ્વ અર્થ સરે જો બાપુ,
મારીએ રોજ ગાંધી!

(ભટ્ટભાસ્કર - ફેબ્રુઆરી ૭૪)


૮. પર્વતને ડોલાવી દઈશું!

છેડશો અગર અમને, છક્કા છોડાવી દઈશું,
દુશ્મની કરશો અમથી, તો ભૂક્કા બોલાવી દઈશું.

કારગીલ અમારું, કાશ્મીર અમારું, બુરી નજર ના નાખશો,
સોઈ ભોંકશે અમને કોઈ તો ખંજર હુલાવી દઈશું!

શાંતિપ્રિય છે સ્વભાવ અમારો, અહિંસા છે આદર્શ,
દેશની રક્ષા માટે તો યે પર્વતને ડોલાવી દઈશું!

૩૧-૭-૯૯



૯. મૃત્યુ શાં નેહરૂને?

(અંજલિ કાવ્ય)

સાગરને શોષ શા?
અંધકાર શા સૂર્યને?
ચંદ્રને તાપ શા?
ગભરાટ શા શૌર્યને?
આકાશને અંત શા?
થાક શા સરિતને?
ધરતીને ભાર શા?
હર્ષ શા વ્યથિતને?
મેઘને માર્ગ શા?
હલન શાં મેરુને?
ઈશને આદિ શાં?
મૃત્યુ શાં નેહરૂને?



('સ્મૃતિ' કાવ્યસંગ્રહ)

૧૦. કાશ્મીર

પૃથ્વી પાણી પહાડ,
વૃક્ષ વનરાજિ વાદળ,
બરફ ધવલ, નિલાકાશ,
ખેલે અંબર અવનિ સાથ.
ભૂમિ પર સ્વર્ગ વસ્યું,
કાશ્મીર ના બીજુ કશું!

૧૦.(A) હે પંખીડાં

હે પંખીડાં સુખથી વસજો
આસપાસે અમારી,
સુના મારા ઘરમાં ગમતી
શાંત વસતી તમારી.



૧૧. અમોને યાદ ના એવું!

તમે અમારી ભોમમાં જન્મ્યા? અમોને યાદ ના બાપુ!
તમે ઈતિહાસ અહીં સર્જયા? અમોને યાદ ના એવું!

ગાંધી હતા કો'ક એવું, ઝાંખું સ્મરણ કંઈ થાય છે,
સેવાની યાદે એની, શતાબ્દિ પણ ઉજવાય છે,

સતને સ્મરીએ એના કિંતુ, વર્તીએ રાવણ જેવું,
અહિંસાના એ ઉપાસક, અમોને યાદ ના એવું!

ગાદી ગાંધી-દત્ત અમારી, સલામત હો એ જ ચિંતા,
મોટર ફરી મ્હેલે વસી, હરીએ ભલે અમે સીતા,

મેવા મિષ્ટાન્ન આરોગી નિત, સેવાનું બસ નામ જ લેવું,
પૈદલ જંગલ ગાંધી ઘૂમતા, અમોને યાદ ના એવું!

આજ નિર્વાણ દિને બાપુ, અંજલિ અર્પું અંતરથી પણ,
વચન દીધાં છે તમને કશાંયે, અમોને યાદ ના એવું!

('લોકમિત્ર' ૩૦-૧-૭૦)

૧૨. આપણી લાચારી!


કદી દર્શન ન દેતા નેતાઓ
હવે વોટ માટે પગ પખારશે,
વચનોના ઠાલામાલા થેલા
તમારે આંગણ હવે ઠલવાશે,
સ્વર્ગનાં સુખ તમારી સોડમાં દેખાડી
સફેદ ઠગો ફરી તમને બબુચક બનાવશે,
તોય હે લાચાર દેશવાસીઓ મારા,
જાણીને કૂવામાં પડ્યા વિના
આપણે બીજું કરવાના ય શું હતા?
છે કોઈ ઉપાય આ ગાંધી દીધી
બુહમૂલી લોકશાહીને બચાવવાનો?

૧૨. (એ) હાઈકુ

પલંગ પોઢ્યા
ફૂટપાથ સુનારા,
સેવાના મેવા!

૧૩. સલામ ત્રિરંગા

ઓગષ્ટ અમારો ક્રાંતિ માસ,
આઝાદીનો એ શ્વાસોચ્છવાસ,
નવમી ઓગષ્ટે જેલ ગયા,
સ્વતંત્ર થઈને પાછા ફર્યા!
સન બેતાલીસ ઈતિહાસ રચ્યો,
મંત્ર 'કરેંગે-મરેંગે' જપ્યો,
'ક્વીટ ઈન્ડિયા' એલાન થયું,
સુડતાલીસે સાર્થક કર્યું.
'પંદર ઓગષ્ટ' પ્રાણ પ્યારી,
આઝાદીનો ઉપહાર લાવી,
સલામ ત્રિરંગા અમારી આન,
હરદમ સાચવશું તારી શાન!



('લોકસત્તા' ૧૭-૮-૯૭)



૧૪. હે સરદાર!

માટીમાંથી મર્દ બનાવી તમે પ્રગટાવ્યા આતમરામ,
સંદેશો લઈ આઝાદીનો વલ્લભ ઘૂમ્યા ગામે ગામ,
વીર રસનો ધોધ વહવતી શી તેજાબી વાણી છે,
હે સરદાર, તમારા જેવી આંજે ક્યાં સરદારી છે?

લાડુબાની કૂખ ઉજાળી ધન્ય કર્યું કરમસદ ગામ,
સફળ સત્યાગ્રહ બારડોલીનો, બોરસદ ખેડા નાગપુર ઠામ,
અનન્ય અનુયાયી ગાંધીજીના, ધન્ય તમારી યારી છે,
હે સરદાર, તમારા જેવી આજે ક્યાં સરદારી છે?

આઝાદ ભારતનાં છસો રજવાડાં, દેશી રાજા સ્વતંત્ર થયા,
સામ દામ દંડ ભેદથી એકીકરણના જાદુ કર્યા,
કેવું અદ્‌ભૂત 'બિસ્માર્કી' કામ, લોહપુરુષની બલિહારી છે,
હે સરદાર, તમારા જેવી આંજે ક્યાં સરદારી છે?

(ભટ્ટભાસ્કર)



૧૫. દેશ સહુનો સહિયારો

ધન્ય છે મા ભારતી, શૂરવીર જેના સૂત છે,
દેશની રક્ષા માટે હોમાયા લાખ સપૂત છે,
પ્રતાપ શિવાજી ભગતસિંહ-કરોડોનો પ્રાણ પ્યારો,
કોઈની જાગીર નથી આ, દેશ સહુનો સહિયારો.

પવિત્ર ભૂમિ પર આપણી આક્રમણો અગણિત થયાં,
તોડ્યું ફોડ્યું લૂટ્યું બાળ્યું, અખેપાત્ર તોય અકબંધ રહ્યાં.
અમર અકબર એન્થની, સૌની આંખોનો તારો,
કોઈની જાગીર નથી આ, દેશ સહુનો સહિયારો.

વેપારી થઈ આવ્યા હતા, ગાદી પચાવી બેસી ગયા,
દોઢ સદી સામ્રાજ્ય જમાવી અંગ્રેજો ચોંટી રહ્યા,
અહિંસક યુદ્ધ બાપુએ છેડ્યું, લીધો સત્યનો સહારો,
કોઈની જાગીર નથી આ, દેશ સહુનો સહિયારો.

પવિત્ર રેવા ગંગા વહે, હિમાલય રક્ષે સદા,
રામકૃષ્ણ વિચર્યા'તા અહીં, સીતા કુંતા સતી મહા,
આઝાદ ભારત દેશ આપણો, લાગે સ્વર્ગથી સારો,
કોઈની જાગીર નથી આ, દેશ સહુનો સહિયારો.

(તા. ૪-૨-૦૬ ના રોજ પ્રેમાનંદ સાહિત્ય સભા (વડોદરા) ના
પાદપૂર્તિ કવિ સંમેલનમાં રજુ કરેલું કાવ્ય)


૧૬. વહે જ્યાં નર્મદા વારિ રે

જ્યાં નરસૈયે વૈષ્ણવ જન ગાઈ
પીડ પરાઈ જાણી રે,
જ્યાં મીરાંએ ઝેરના પ્યાલા
પીધા અમૃત માની રે.
રચી આખ્યાનો પ્રેમાનંદે જ્યાં
ભક્તિરસ રેલાવ્યો રે,
દેશદાઝનો રંગ કસુંબી
રાષ્ટ્ર શાયરે પાયો રે.
અહિંસાના ઉપાસકે જ્યાં
ઊંઘતા લોક જગાડ્યાં રે,
જેલ વેઠી મહેલ ગણીને
વિદેશી એમ ભગાડ્યા રે.
એ ભૂમિ છે ગુજરાત અમારી
અસ્મિતા જેની અલગારી રે,
બારે માસ હરિયાળી ધરતી
વહે જ્યાં નર્મદા વારિ રે.



૧૭. અહિંસાના ઉપાસક બાપુ

અહિંસાના ઉપાસક બાપુ,
અહીં તો હિંસાચાર છે,
તમે સત્યને સાચવ્યું બાપુ,
અહીં તો જૂઠો વ્યવહાર છે!
ક્યારે કોની હત્યા થાશે
કાંઈ નહિ કહેવાય બાપુ,
'અક્ષરધામે' પણ આતંક મચે તો
બીજાના શા ભાર છે?
ધન્ય તમારું જીવન બાપુ,
મરીને અમર થયા,
'પેન્ટાગોન' પણ ધ્વસ્ત બને
એવા અહીં અત્યાચાર છે!



૧૮. ખેલ બધા ખુરશીના!

દેશદાઝની વાત છોડો
ખેલ બધા ખુરશીના,
સેવા નામે મેવા ખાઈને
સ્વાર્થ પોતાનો કરવાના!
ગાદી વિના મોહન ગાંધી
બની શક્યા મહાત્મા,
ઊંચા પદે પહોંચેલા આજે
દીસે કેવો અલ્પાત્મા!
પરસ્પરને પછાડવા મથતા
મલ્લ જાણે મેદાને,
શરાબ સુંદરીનું સેવન કરે ને
બેન્ક બેલેન્સ બનાવે!
એકને તગડી બેસે બીજો
બીજાને કાઢે ત્રીજો;
સુખ ન જીવવા દેવાના
ખેલાડી છે ખુરશીના!


૧૯. ઐતિહાસિક અસત્ય!

'ગોડસેએ ગાંધી માર્યા?'
ઐતિહાસિક અસત્ય!
યુગ પર છવાયેલા,
જનહૃદયમાં જળવાયેલા,
અહિંસાના અવતારધારી,
પ્રયોગવીર સત્યના,
વિરાટ એવા મહામાનવને
એક જનસામાન્યની ગોળી
મારી શકે જ શી રીતે?
હિંસાએ કદી અહિંસા સંહારી?
અસત્ય ક્યારે ય સત્યને શક્યું હણી?
ના રે ના,
ગાંધી મર્યા નથી,
બુધ્ધ સુકરાત ને ઈશુની જેમ
હજીય જીવે છે એ,
અને જીવશે ત્યાં સુધી
જ્યાં લગી માનવ શ્વસે છે,
જ્યાં લગી ચંદ્ર સૂરજ તપે છે.
મૃત્યુ સૌને મારી શકતું નથી.
મહાત્માઓ મૃત્યુને જ મારી નાખે છે!



૨૦. તૂટેલાં દિલોને...

તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે,
પ્યારના બંધને બધાં બાંધવાં છે!
સાથે હતાં જે ગઈ કાલ સુધી તે
અલગ કેમ આજે થઈ રહ્યાં છે?
ચોપાસ નગારા શીદ 'આહ' ના છે?
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!



ખેલંદા ખુરશીના આગ લગાવે છે,
ધર્મને નામે લોકોને લડાવે છે,
પંખી એક ડાળનાં જુદા ઘોંસલા છે.
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!

સંગે કરતાં કલરવ પ્રેમથી સૌ
વિના વેરભાવે વિચરતાં હતાં સૌ,
શાપિત કો નજરે જુદાં જે કીધાં છે,
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!



સત્ય અહિંસા દયા પ્રેમનાં પાન
કીધાં સદાયે સાથે મળી અહીં,
મંઝિલ તો એક જ અલગ કારવાં છે,
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!

પૂણ્ય ભૂમિ આ ગુજરાતની જ્યાં,
સરદાર ગાંધી જન્મ્યા હતા ત્યાં,
મઝહબ જુદા તોય સૌ બાંધવા છે,
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!

ઈશ્વર અમારો, અલ્લા તમારો,
જુદા એમ કોણે દીધા ભાગ વ્હેંચી?
અંતર તણાં અંતર કાપવાં છે,
તૂટેલાં દિલોને ફરી સાંધવાં છે!



૨૧. આમાર બાંગલા

(બાંગલા દેશના સર્જનકાળે)

આઝાદ હો આમાર બાંગલા,
આબાદ હો સોનાર બાંગલા!
    ટગોર કલ્પિત સુફલામ્ બાંગલા,
    શરદ-સ્વપ્નિત સુજલામ્ બાંગલા!
ગાંધી ઘડિત અજય હે જનગણા,
સુભાષ-પ્રેરિત ઈન્કિલાબ બાંગલા!
    નિષ્ફળ સહસ્ર તોપે હે યાહ્યા,
    કોટી ગુલબાંગે ભુટ્ટો વિફલા,
સ્વતંત્ર આજ હોનાર બાંગલા,
અધિનાયક મુજીબર આમાર બાંગલા!
    ભારતાનુજ હે સોનાર બાંગલા,
    આઝાદ બાંગલા, આબાદ બાંગલા!

('સંદેશ' ૭-૪-૭૧)


હાઈકુ

શો ઝંઝાવાત!
હશે પ્રલય શું એ?
હા...શ મેહૂલો!

૨૨. ખુરશીને ભજતાં

(એક કટાક્ષ પ્રતિકાવ્ય)

ખુરશીને ભજતાં હજી કોઈની લાજ
    જતી નથી જાણી રે,
જેને સ્નેહ છે સત્તાની સાથ,
    વદે સેવક વાણી રે!
એણે કીધાં છે કૈંકનાં કામ
    નિર્ધનને ધન દીધાં રે,
મૂરખોને આપ્યાં છે રાજ,
    પ્રધાન જુઓ કીધા રે!
એણે હારેલાંને પણ હાર
    સાચેસાચ આપ્યા રે,
ગવર્નરનાં દઈને સ્થાન,
    પોતાના કરી સ્થાપ્યા રે!
એણે સતીયાજનોને ઝેર
    હળાહળ પાયાં રે,
ન્યાય નીતિ ને ધર્મ
    કોરાણે મૂકાવ્યાં રે!
લૂંટો સેવકના વેશનો લાભ
    ફરી નહિ મળશે રે,
ખુરશી મળે જો પાંચ વર્ષ,
    પેઢી સાત તરશે રે!



૨૨. તોય અમે ગાંધી ચેલા

સત્તા વિના જીવાય ના
અમે તો ખુરશી-ઘેલા,
વિમાન વિના ફરાય ના
અમારી કોમળ કાયા,
મહેલે સદા વસતા અમે
ફુટપાથિયાંના વોટથી,
સત્ય કદી વદાય ના
તો ય અમે ગાંધી ચેલા!
સિદ્ધાંત સઘળા સોંપ્યા તમને
એક જ ધ્યેય અમારું છે,
ગાદી સદા અચળ અમારી
બાકી બધું તમારું છે!

('ભટ્ટભાસ્કર' જૂન ૯૪)

૨૪. દિવાળીના દીપને કહેજો

દિવાળીના દીપને કહેજો
ઝાંખા તેજે ઝળહળે,
આતંકવાદી કાતિલ નજર
રખે રોશની ઓલવે.
દારૂખાનું ફોડી હવે
દૂષિત ના કરશો હવા,
નિર્દોષને સંહારવા નિત
બોંબ ધડાકા થયા કરે!
પ્રેમ સંપની વાતો જગમાં
ભૂતકાળ થઈ છે જાણજો,
સુખ શાંતિ હણવાં દુનિયાની
કાવતરાં રચાયા કરે!
વિશ્વાસ રાખી તોય માનવમાં
દીપાવલિ તો મનાવજો,
અભિનંદન અંતરથી સૌને,
સુખશાંતિ વધ્યા કરે.





૨૫. મે ના પ્રથમ શુભ દિને


મે ના પ્રથમ શુભ દિને ગુજરાતનું ગૌરવ થયું,
નર્મદ દલપત પ્રેમાનંદ સુંદરમ્ અવતરણ થયું!

દેશ વિદેશે ગુંજતી યશગાથા ગુજરાતની
આન શાનથી પ્રગતિ કરે ગૌરવવંતા ગુજરાતી.

ગામ ખેતરમાં વહેતાં થયાં નીર-નર્મદા નિર્મળાં,
હરિયાળું જલ-રસાળું કચ્છનું તો રણ થયું!

ખેતી લીલી, વેપાર વિકસ્યો, અસ્મિતા પ્રગટી આપણી,
કૃષ્ણ ગાંધી સરદારના આદર્શનું વિસ્તરણ થયું.

પ્રાર્થના આજ શુભ દિને : સ્વપ્ન સૌ સાકાર હજો,
મુસીબતનું મારણ મળ્યું, ભવરોગનું હરણ થયું!




૨૯. સત્તા

સત્તાના સૌ આશિક જગમાં,
સત્તા વેઠ કરાવે છે,
કાળાં ધોળાં ખોટાં કે સાચાં
સત્તા સઘળું કરાવે છે!
સત્તા માટે સૌ ફાંફાં મારે,
સત્તા મળે તો રોફ જબરો,
લાંચ રિશ્વત લેવી કે દેવી
બધું સાચું ઠરાવે છે.
સેવક થઈને સત્તા પામે
સત્તા મળતાં સેવા ભાગે,
સાચા સેવકને પણ ભરમાવી
સત્તા રાવણ બનાવે છે!
સત્તાના છે દાસ અહીં સૌ,
ખુશામત કરે સત્તા માટે,
સત્તા માટે માતા કૈકેયી,
પુત્રની ગાદી પડાવે છે!
સત્તા પામવા પાપ કરે સૌ,
સત્તા સાચવે નાપાક બની,
હરિશ્ચન્દ્રને પણ સત્તાંધો તો
સ્મશાન પહેરો ભરાવે છે!



૨૭. હે રામ!

એક દિવસની રાત છે,
ને ત્યારની આ વાત છે,
સ્વપ્ન આવ્યું એક મને,
ગાંધી આવ્યા મારી કને!
પૂછ્યું : 'કેમ છે ભારતદેશે?
લોકોને સુખ શાંતિ તો છે?
રે'વા ઘર વસ્ત્ર ને અન્ન.
પામ્યા કે નહિ ભારત-જન?
ચોવીસ વર્ષથી સ્વરાજ આવ્યું,
કહે ફળ એ કેવુંક લાવ્યું?'



પગ પકડ્યા બાપુના મેં,
આંખે મારી અશ્રુ વહે,
કહ્યું : 'બાપુ બેસો જરા,
કહું આપને લાંબી કથા.'

'લાંબી વાત ના કરતો બાળ,
જાવું પરત મારે તત્કાળ,
જે હોય તે કહી દે ઝટ,
વાત કરજે સીધી ને સટ.'

એમ કહીને બાપુ બેઠા,
કહી રહ્યો હું ટૂંકી કથા :
'સાંભળો બાપુ દઈને ધ્યાન,
ભૂખે જાયે જનતાના જાન,
ભૂખ રોગ ગરીબને ઘેર,
પ્રધાન-પ્રાસાદે લીલા લ્હેર!
'બેકારી નિત બમણી થાય,
લોકપેટે લાગી છે લ્હાય,
મોંઘવારી ના મટી કદી,
દિને દિને વધતી જતી!
પ્રધાન પરદેશ દોડે રોજ,
સાથે લઈ સૈનિકની ફોજ,
પ્લેન વિના ના ફરે કદી,
ત્રીજા વર્ગે જનતા ખડી!'

'લાંચ લાગવગ જ્ઞાતિવાદ,
પ્લેગ સમા કરે બરબાદ,
લાઠીમારના શા હિસાબ?
ગોળીબાર પણ નિતની વાત!
મરવા વાંકે જનતા જીવે,
સો મણ રૂમાં પ્રધાન સૂએ!
ખુરશીની છે ખેંચમતાણ,

લોકોના તો જાયે પ્રાણ.
અંદર અંદર નેતા લડે,
બળદ સામે સાંઢ પડે!
'ઈન્ડીકેટ' થઈ ઊભી એક,
'સીન્ડીકેટ' ને ફેંકી હેઠ,
જાગ્યો આત્માનો અવાજ,
શિસ્ત છોડીને કરવા કાજ!

'સરહદો છે ભયથી ભરી,
નેતાને ના ચિંતા જરી,
વચનનાં ભાણાં જનતા જમે,
તાગડ-ધિન્નાં પ્રધાન કરે!
પાકીસ્તાની પાશવી ફોજ,
લાખ નિરાશ્રિત મોકલે રોજ,
સરકાર તો યે ઠંડીગાર,
વિરોધ મોકલે વારંવાર!
ટૂંકમાં બાપુ આ છે વાત,
ભૂલ હોય તો કરજો માફ.'

વાત સાંભળીને બાપુ રડ્યા,
'હે રામ' કહીને ધરણી ઢળ્યા,
'સ્વપ્ન મારાં સરી ગયાં'
એમ કહીને મૂર્છિત થયા!

ભયથી ધ્રૂજ્યો ત્યારે હું,
આંખ ખુલી મુજ સ્વપ્ન સર્યું,
'હે રામ' હું યે બોલી પડ્યો,
નિઃશ્વાસ નાખી ઊભો થયો!
સામે ભિંતે બાપુની છબી,
આંખે વરસતી શ્રાવણ-ઝડી!

(૧૯૭૧ 'ભટ્ટભાસ્કર')



૨૮. પ્રાણથી પ્યારી ભારત મા

અમે શૂરવીર સૈનિક ભારતના
જે વ્હાલી અમોને ભારતમા.

દેશની રક્ષા કરીશું અમે,
દુશ્મનનો યુધ્ધે હણીશું અમે,

સામે આવે રિપુ અમારી,
મોત વિના એ મરવાના

અમે સપૂત છીએ ભારતના.
કરશું યા તો મરશું જંગમાં,

ના ડગ પાછાં કદી દેવાના,
છે પ્રાણથી પ્યારી ભારતમા!



૨૮-A બે મુક્તક

(૧)
ધરતી ખેડી
ધાન પકવે પણ,
ખેડૂત ભૂખ્યો!

(૨)
કિનારે એના
લોક તરસ્યા, તોય
મ..હા..સા..ગ..ર!

૨૯. ઉજાળશું તુજ નામ મા

ગૂર્જર માત આજે નાદ તવ મુક્તિનો ગાજી રહ્યો,
તુજ ભક્તિની તક પામતાં આ બાલ મા રાચી રહ્યો.

પંદર અગસ્ત તારીખ અમર છે હિન્દના ઈતિહાસમાં,
મેં ના પ્રથમ શુભ દિનને ભૂલી શકે ગુજરાત ના.

તેં ન કેવળ દેશને મા ભેટ રત્નો તણી ધરી,
ગાંધી પનોતો પુત્ર તારો ઝગે વિશ્વ-તારક બની!

આદિ કવિ નરસિંહનું તત્ત્વજ્ઞાન અમ રોમમાં,
શ્રધ્ધા-ભક્તિ મીરા તણાં ભર્યાં પડ્યાં આ ભોમમાં.

છલકે રસ પ્રેમાનંદના ને 'યાહોમ' પડઘે નર્મદ તણાં,
મહાકવિ નાનાલાલની ગુંજી રહી 'હરિ સંહિતા'.

વીર વિઠ્ઠલભાઈ અને વારસ અમે સરદારના,
આબાદ કરશું દેશને, ઉજાળશું તુજ નામ મા.

(૧-૫-૬૦ મહાગુજરાતની રચના ટાણે)



૩૦. યુગો સુધી લડી રહીશું!

હિમાલય સરખાં દુ:ખ અમે
        હસતાં હસતાં સહી રહીશું,
મા ભોમની રક્ષા કાજે
        મરતાં મરતાં હસી રહીશું!
નાપાક લોકો માતનાં
        ચીર ખેંચી રહ્યા આજે,
દુ:શાસનોના રક્તમાં
        સ્નાન અમે કરી રહીશું!
ચીન સાથે હાથ મીલાવ્યા
        ભક્ષવા અમ ભૂમિને,
ભક્ષકો એ સંહારવાને
        ભૂકંપ ભયાનક બની રહીશું!
સળગી રહ્યા છે આજ સીમાડા,
        દુશ્મન દ્વાર ખખડાવતા,
જરૂર પડતાં ઓ જાલીમો
        લાહોર હાથ કરી લઈશું!
સ્વર્ગથી સુંદર અને
        પ્રાણથી પ્યારું વતન આ,
રક્ષવા એને અમે
        ચાલીસ કોટી ખડા રહીશું!

ધીર ધરજે ભારત માતા
        તુજ બાળકો નથી કાયર,
રક્ષવાને લાજ તારી મા
        યુગો સુધી લડી રહીશું!

('લોકસત્તા' ૨૧-૧૦-૧૯૬૫)



૩૧. દ્વાર તમારે આવ્યો છું

(ચૂંટણી કાવ્ય)

ચૂંટણી જંગે ઝૂકાવીને
દ્વાર તમારે આવ્યો છું,
થેલો ભરીને વચન ખોટાં
આપવા તમને લાવ્યો છું.
ઉદાર દિલથી વોટ દેજો
સેવક તમારો માની,
પાંચ વરસે પાછો આવીશ,
કરશો ના આનાકાની.
ઘણી ગણતરી મનમાં મારા,
મહેલ રચવા છે મોટા,
રખે હરવતા મને મતદારો
અરમાન ઠરે ના ખોટા.



૩૨. નર્મદા પધાર્યાં આંગણે

નર્મદા પધાર્યાં આંગણે,
વંદન સ્વીકારો માતા,
તીરે તમારે તરસ્યા જીવ સૌ
પામે સુખ ને શાતા.
ગામે ગામે ગુજરાતના
નહેર બની પ્રસરો
દૂકાળને દઈ દેશવટો
ધાન ઢગલે પકવો.
જલચર ભૂચર ખેચર
સૌના આશ્રયદાતા,
તટ તમારે કંકર પણ શંકર,
તમને નમું હું માતા.

૩૩. શુભ દિન પ્રજાસત્તાકનો

શુભ દિન પ્રજાસત્તાકનો,
આનંદ અને ઉત્સાહનો,
આજ ફરી એ આંગણ આવ્યો,
જનતા માટે શું એ લાવ્યો?

પરેડ સભા સરઘસ થાશે,
નગર મોટાં રોશન થાશે,
રુડાં ભાષણ નેતા દેશે,
કુરબાનીનાં ગીતો ગાશે,




ગાંધીનું સૌ રટશે ગાણું,
મંગલ કહેશે આજનું ટાણું,
આઝાદી-જંગ સ્મરણો કે'શે,
આબાદીનાં સ્વપ્નાં દેશે.

વચને પેટ ભર્યાં વર્ષોથી,
સ્વપ્ને રાચ્યાં સૌ યુગોથી,
તોયે જનતા ના પામી રોટી,
નેતા કરતા વાતો ખોટી.

સત્તા માટે ખેંચાખેંચી
મહેલે વસતા સમાજવાદી,
મોટર નવી દર વર્ષે આવે,
સેવક નિજને નેતા કહાવે!
હવે ન કિંતુ જનતા સે'શે,
કહે નહિ એ કરીને રે'શે,
એ તો માગે રોજી રોટી,
અંગ ઢાંકણ એક લંગોટી,
દઈ શકો જો વસવા કુટી,
પ્રજાસત્તાકની ભેટ એ મોટી.


('લોકમિત્ર' ૨૬-૧-૭૦)



३४. विश्व रोया था।

वेरभाव का बीज हमने ही
कभी यहीं पर बोया था,
अपने ही हाथोंसे हमने
प्यारा बापु खोया था।
सत्याग्रहसे सल्तनत हीला दी,
'महात्मा' माना दुनियाने,
जिसने हर हालमें अकेले
बोज देशका ढोया था।
खूनकी होली खेली लोगोंने
महावीर बुध्धके देशमें,
इसीलिये तो प्यारा बापु
'हे राम' कहकर सोया था ।
सत्य अहिंसा का व्रत उन्होंने
जीवनभर निभाया था,
छूताछूतका कलंक हमारा
बापुने ही धोया था ।

महामानव इस संसार का
गोली खाकर अमर हुआ,
माली स्वयम् सोया कांटोमें,
जिसने बाग संजोया था ।
पाप हमारे माफ करो प्रभु
पश्चातापमें जलते हैं हम,
हम तो क्या बापु के निधनसे
विश्व फूटफूटकर रोया था ।



૩૫. સૂતેલા સિંહ જગાડ્યા છે!

યાહ્યા અયુબ પછડાયા અહીં,
મુશર્રફ સમજો શાનમાં,
હજી સમય છે માનો વાત,
તલવાર રાખો મ્યાનમાં.
ભુટ્ટોને ભાન કરાવ્યું'તું
ભારતના વીર જવાનોએ,
સૂતેલા સિંહ જગાડ્યા છે તો
રોળાઈ જાશો રાનમાં!
કારી ફાવી નહિ કારગીલમાં,
અંજામ બુરો આવ્યો,
વિનાશની વેળા છતાં
મદાંધ ના'વે ભાનમાં!



બે હાઈકુ

(૧)
સરિતા દોડે
સાગર સાદે, પિતા
પર્વત ત્યાગી!

(૨)
ગગન ઊડે
પંખી તો યે, નજર
વસુધા પર!

૩૬. વીર ભૂમિ આ ભારત છે

ખામોશ પડોશી ખબરદાર,
દેશ અનોખો ભારત છે,
વિવિધતામાં એક અખંડ
જગથી ન્યારો ભારત છે!
કારગીલમાંથી હાથ ઉઠાવ,
ઘૂસણખોર હે દગાબાજ,
યાહ્યા અયુબ રોળાયા જ્યાં
વીરભૂમિ આ ભારત છે!
રક્ષા અમારી માતની સૌ
તન મનથી કરશું સદા,
કાશ્મીર છે શરતાજ જેનો
તે ભોમ રુડી આ ભારત છે!

બે હાઈકુ

(૧)
મંદિર મોટું
મૂર્તિ પાસ પૂજારી,
ભક્તો સૌ દૂર!

(૨)
ઘાંચીનો બેલ,
ઘૂમે દિવસ આખો,
તોય હતો ત્યાં!

૩૭. આજે પ્રજાસત્તાકે

આજે દિન પ્રજાસત્તાકે
આઝાદીના સુવર્ણાવસરે
ગર સપૂત સાચા માતના
તો આવો લઈએ શપથ સૌ,:
"ભ્રષ્ટાચાર ના આચરશું,
સમાજદ્રોહી ડગ ના ભરશું,
કરશું ના ગુમરાહ પ્રજાને,
ભરમાવશું ના જૂઠાં વચને,
લક્ષ્ય એક જ હવે સૌનું:
સંગે ફળશું ને ફૂલશું,
ભૂખ નહિ ને દુઃખ નહિ,
સૌના સુખમાં સૌએ સુખી,
કોઈ ન મોટો કોઈ નાનો,
જયકાર કરશું ભારત માનો."



('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પ્રસારિત ૨૬-૨-૯૮)

૩૮. ખુરશીદાસ!

(ચૂંટણી કાવ્ય)

ખુરશીદાસને એવી ટેવ,
ચૂંટણી ટાણે જનતા દેવ,
ગરજ પતે ના ફરકે પાસ,
એવો સ્વાર્થી ખુરશીદાસ!

મત માટે એ મળવા આવે,
હથેળીમાં પણ ચાંદ બતાવે,
પછી સદા દિલ્હીમાં વાસ,
લહેર કરે ત્યાં ખુરશીદાસ!

મતદાર મૂરખ, શાણો એ,
વોટ લઈને છેહ એ દે,
મલાઈ ખાઈને દેતો છાસ,
એવો નફ્ફટ ખુરશીદાસ!

('લોકસત્તા' ૧૭-૮-૯૭)

૩૯. માતાને શિર તાજ છે

લહર લહર ગગન ત્રિરંગા
આઝાદી દિન આજ છે,
ગુલામીની જંજીરો તૂટી
માતાને શિર તાજ છે. લહર લહર...
ઝરમર ઝરમર મેઘા વરસે
પંદર ઓગષ્ટ શુભ દિને,
વિદાય કર્યા'તા આજ વિદેશી
દેશ માટે સ્વરાજ છે. લહર લહર...
કુસંપ અજ્ઞાન રોગ ગરીબી
દૂર કરવાં સમાજથી,
દુઃખ હરી સુખ દેવું સૌને
રક્ષવી માતની લાજ છે. લહર લહર...
શાન બાનથી લહર ત્રિરંગા
તુજ પર અમને નાઝ છે!
લહર ત્રિરંગા પ્રાણથી પ્યારા
ઓગષ્ટ ક્રાન્તિ માસ છે! લહર લહર...

('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પ્રસારિત ૨૬-૨-૯૮)

૪૦. સેવાનો સંકલ્પ કરીએ

પ્રાણ પાથરી જવાન લાખો શહીદ થયા,
કોડભરી નવોઢાનાં અકાળે સિંદુર ભુસાયાં,
લાડકવાયા સુત સૂતા રણભૂમિમાં સેંકડો,
બેનીએ ના હાલરડાં, યુધ્ધ ગીતો ગાયાં.



ગાંધી સરદાર સુભાષ ભગવતસિંહ,
સાવરકર સમ સ્વાતંત્ર્ય વીરો સૌ
ઝૂઝયા જીવનભર મુક્તિ કાજે માતની,
દેશ ત્યારે આઝાદીનાં અવતરણ થયાં,

રક્ષા એની એ જ હવે કર્તવ્ય અમારાં,
કાદવ વચ્ચે તો હજી કમળ ખીલવવાં.
સ્વાર્થ ત્યાગી સંપે સૌ રહીએ ભારતનાં સંતાનો,
એક બની ગગન ગજવીએ માનાં યશોગાનો.

અર્ધ શતાબ્દિ ટાણે સ્મરીએ દેશદાઝ વીરોની,
સેવાનો સંકલ્પ કરીએ એક બની સૌ નેક બની.



('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પ્રસારિત ૨૬-૨-૯૮)

૪૧. ધન્ય અહીં અવતાર રે

ગુજરાતીના ઘરમાં પડઘે નરસૈયાની વાણી રે,:
'વૈષ્ણવજન તો તેને કહીએ, પીડ પરાઈ જાણી રે.'

મીરાં હરિની લાડલી કૃષ્ણ ભક્તિની લ્હાણી રે,
મધુર ગરબી દયારામની ગાતી ગુજરાતણ શાણી રે.

દયાનંદની જ્ઞાન-સરિતા, પ્રેમાનંદ આખ્યાનો રે,
દેશપ્રેમના રંગમાં રંગે સરદારનાં વ્યાખ્યાનો રે.

પૂણ્યભૂમિ ગાંધી બાપુની, મૂંઠી ઊંચેરા માનવ રે,
રામે પાવન પગલાં પાડ્યાં, સંહાર્યા ક્રૂર દાનવ રે.

મુનશી મેઘાણી કલાપી સુંદરમ્, દલપત નાનાલાલ રે,
સાચા ગુર્જર સારસ્વતો ઉમાશંકર પન્નાલાલ રે.

'પ્રેમ-શૌર્ય' ની ગાથા અદ્‌ભુત તાપી તીર પડઘાતી રે,
'યાહોમ' કરીને જંગે ચઢવા નર્મદ હાકલ થાતી રે.

પ્રાણ પ્યારી માતૃભૂમિ મમ, ધન્ય અહીં અવતાર રે,
જન્મોજન્મ તુજ ખોળો ખુંદું મા, પામું તારો પ્યાર રે.

(પુસ્તકાલય : મે-૨૦૦૪)

૪૨. વંદે માતરમ્

આઝાદીની અર્ધ શતાબ્દી, વંદુ ભારત માતા,
તારા અંકે બાળક સૌએ પામે સુખ ને શાતા.


હરિયાળી ધરતી મા અહીંની મબલખધાન પકાવે,
વીર સૈનિક યુધ્ધે ઝૂઝતા દુશ્મન દાંત ખટાવે.

સિંહનાં ગર્જન જંગલ પડઘે, ટેહૂક ટહૂકે મોર,
આમ ઝૂંડે કોયલ કૂંજે, પંખીના કલશોર.

ગંગા જમના પાવન સરિતા માના પાદ પખાળે,
હિમાલયના શિખર ઊંચાં કીર્તિ-ધ્વજ ફરકાવે.

સૌથી સારી, જગમાં ન્યારી ભારતની અમ ભૂમિ,
'વંદે માતરમ્' વીરો બોલે ચરણ માનાં ચૂમી!

(આકાશવાણી ૨૬-૨-૯૮)



૪૩. ભારત માના ભાલે શોભે

કોઈ વાદ નથી, વિવાદ નથી, ગુજરાતી સૌ એક છે,
પીડ પરાઈ જાણી જીવવું, ગુજરાતની એ ટેક છે.

'સકળ લોકમાં સહુને વંદો' નરસૈયાની શીખ છે,
અમૃત જાણીને ઝેર પીવાં એ મીરાંબાઈની રીત છે!

યોગેશ્વરની પુણ્યભૂમિમાં 'મહાત્મા' બન્યા મોહનદાસ,
વલ્લભ વિઠ્ઠલની વીર હાંકે શબમાં અહીં પ્રગટેલા શ્વાસ!

પ્રેમાનંદ નર્મદ ગોવર્ધન સાક્ષરરત્નો અગણિત પાક્યા,
'યા હોમ' ની હાકલ સુણી, સૂતા સિંહો અહીંના જાગ્યા!

સાબર મહી રેવા તાપીમાં અમૃત વારિ સદા વહેતાં,
પ્રેમઘેલી પનિહારી પનઘટ ગાતી ગીતો મધ-મીઠાં!

સૌથી નોખી સ્વર્ગ સમી છે, ભૂમિ અલૌકિક ભાતની,
ભારત માના ભાલે શોભે કુમ કુમ ટીલડી ગુજરાતની!

('ગુજરાત' પાક્ષિક)

૪૪. હાકલ પડી છે માતની

હાકલ પડી છે માતની, જાગો જુવાનો દેશના,
યા હોમ કરી જંગે ચઢો, દુશ્મન બચે કો શેષના.

કારગીલ શિખર આપણું, અરિ દબાવી બેઠો છે,
કાશ્મીર પર નજર એની, કપટ કરીને પેઠો છે!

ટંકાર કરો અર્જૂન શો, મહાભારત જીતવા,
કૃષ્ણ હશે તમ સારથિ, જય પામો હે મીતવા.

સુભાષ શિવાજી ભગતસિંહની યાદ કરી કુરબાની
લાશ ઢાળો દુશ્મનની, ભલે ગીધડાં કરે મિજબાની.

વિજય નિશ્ચિત આપણો, યશ જગતમાં પામશું,
સંપૂર્ણ સફાયો કરી રિપુનો આરામ શાંતિ પામશું.

હાઈકુ

ચલો સાથીઓ
મેળો પુરો, જઈએ
પોતાને ઘેર!

ઘૂમે ગગને,
સંપર્ક ધરા સંગ
વિમાની રાખે!

૪૫. હવે તો વતનનું જતન કરવું પડશે

તપ ફળ્યું બાપુનું ને દેશ થયો આઝાદ,
અર્ધ શતાબ્દી આઝાદીની, તોયે ના આબાદ;
જાગો નહિ તો જાણજો દુશ્મન દ્વારે ચઢશે,
હવે તો વતનનું જતન કરવું પડશે!

રાગ દ્વેષ ને વેરઝેર વ્યાપ્યાં રગેરગમાં
આતંકના ઓથાર તળે જીવવું પડે છે જગમાં,
યાદ રહે કુસંપ આપણો અંતે સૌને નડશે,
હવે તો વતનનું જતન કરવું પડશે!

ખેંચાખેંચી ખુરશીની ને સત્તાની સાઠગાંઠ,
દેશ નાખે ખાડામાં એવા છે નેતા લાંઠ,
એક દી ગાદી એમની શોધીય ના જડશે,
હવે તો વતનનું જતન કરવું પડશે!



ગાંધી સરદાર ભગતસિંહને ભૂલ્યા છે સત્તાંધા,
કરોડોની કટકી ખાયે તોયે ભૂખ્યા સ્વાર્થાંધો,
એક દિવસ તો આવશે, રણ વચ્ચે એ રડશે,
હવે તો વતનનું જતન કરવું પડશે!

('જનસત્તા' ૨૬-૮-૯૮)

૪૬. તોપ ગોળે મરતા નથી!

દેશ માટે શહીદ થનારા કોટી કાળે મરતા નથી,
અહિંસાના ઉપાસકો મોતથી પણ ડરતા નથી!


ધર્મ સઘળા સારા સાચા છે, સત્ય સેવાનો મંત્ર દેતા,
વેરઝેરનાં બી બોનારા ભવસાગરને તરતા નથી!

હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ પ્રભુને મન એક સમાન,
સ્વદેશ કાજે ફના થનારા ડગ પાછાં ભરતા નથી!

હર હર મહાદેવ, અલ્લા હો અકબર, સંત શ્રી અકાલ.
રણટંકાર કરી શૂરવીર સપૂતો પીઠે ઘા કરતા નથી!

શીશ પડતાં અહીં ધડ લડતાં'તાં, ભડવીર એવા માના લાલ,
ક્ષુધાતુર હોય સિંહણ સુતો ઘાસ તોયે ચરતા નથી!

'યા હોમ' કરી મેદાને પડનારા યમરાજને ગણતા નથી,
સ્વદેશ કાજે જંગે ઝૂઝનારા તોપગોળે મરતા નથી!



(૯-૧૦-૯૮)

૪૭. હવે ક્યાં એ ખુમારી રહી છે?

(ગઝલ)

ગઈ, હવે ક્યાં એ ગુલામી રહી છે?
એથી જ સૌએ મનમાની કરી છે.
લડીને પરસ્પર ખુવારી સહી છે,
હતી, હવે ક્યાં એ ખુમારી રહી છે?

દુશ્મન તો મારે, એની શી નવાઈ?
મારીને મરે છે અહીં ભાઈ ભાઈ!
વધ્યાં શસ્ત્ર અસ્ત્રો ગુનહગારી ઘણી છે,
હતી, હવે ક્યાં એ ખુમારી રહી છે?



તિલક ગાંધી સરદાર, સપૂતો સ્વદેશે,
લડ્યા અંગ્રેજ સાથે, ડર્યા ન લવલેશે,
માટીમાં અહીં બધી કહાની ભરી છે,
હતી, હવે ક્યાં એ ખુમારી રહી છે?

રસ્તે રખડતા તે આકાશ ઊડે છે,
ન રોટી નસીબે તે ફાઈવસ્ટારે જમે છે,
સત્તા સહુને પ્રાણપ્યારી બની છે,
હતી, હવે ક્યાં એ ખુમારી રહી છે?

૪૮. વોટ દેતાં વિચાર કરજો

આપણે વોટે નેતા થઈને
તોફાન એ કરાવે છે,
ખરે ટાણે ખસી જઈને
બીજાને માર ખવાડે છે!
ચૂંટણીને સટ્ટો સમજીને
કિસ્મત એ અજમાવે છે,
જીતે તો કૌભાંડો કરીને
મિલકત મોટી બનાવે છે!
હારે તો ગુંડા ગર્દી
દંડ ભેદ ચલાવે છે,
લાગવગથી ચેરમેન બનીને
રોફ જબરો જમાવે છે!
રામ નામે પથ્થર તર્યા'તા,
ગાંધી નામે ગઠિયાઓ,
મોટાં વચન આપી ખોટાં
મૃગજળ એ બતાવે છે!
સેવા નામે મેવા ખાઈને
વૈભવ એ વધારે છે,
કર્મ ખોટાં કરી કરાવી
શઠને પણ શરમાવે છે!

વોટ દેતાં વિચાર કરજો
નાત જાત ભૂલાવીને,
પાખંડીને પહચાની લેજો,
ભણેલાંને પણ ભરમાવે છે!

(શુભદા-માર્ચ-૯૮)

મુક્તક

દુશ્મન બની છે માનવીની,
શોધ સઘળી વિજ્ઞાનની,

આતંકવાદ ડરાવે દુનિયાને
એ ભેટ છે વિજ્ઞાનની!

૪૯. જય હો ભારતમાતની

દેશ કે વિદેશે જ્યાં, અમે ગુજરાતી જઈએ.
નાનું સરખું એક નવું ત્યાં, ગુજરાત રચી દઈએ.

માનવતા છે ધર્મ અમારો, પ્રેમ સૌને દઈએ,
અતિથિ જો આંગણ આવે તો ઘેલા ઘેલા થઈએ.

વિશ્વશાંતિમાં વિશ્વાસ અમોને, શ્રધ્ધા બાહુબળમાં,
કર્મને અધિકાર ગણીએ પણ, આસક્તિ ના ફળમાં.

વ્યાપારે લક્ષ્મી વસે છે, શાણો ગુજરાતી જાણે,
સુખ દુઃખની ભરતી ઓટને, સરખી રીતે માણે.

સાગર સરખું પેટ અમારું, દરિયા જેવું છે દિલ,
ઊંચેરા આદર્શ અમારા, ન્યાય નીતિ ને શિલ.

સૌને દેવું ના કાંઈ લેવું, ગરવી ધરા ગુજરાતની,
શિર સાટે દેશ સાચવીએ, જય હો ભારતમાતની.



૫૦. ભારતના હો ભાગ્યવિધાતા



પવિત્ર ધરા છે આર્યોની,
પ્યારી ભૂમિ આ ભારતની,
ઋષિમુનીઓની અલખધૂણી,
રામ કૃષ્ણે સાદર ચૂમી!

કુસંપે એ બની ગુલામ,
અંગ્રેજોએ કર્યો મુકામ,
વિદેશીઓએ લૂંટી ચૂસી,
મૂરખ બનાવ્યા દોઢ સદી!

થયો દેશ હાલ બેહાલ,
કચડી ક્રાન્તિ સત્તાવનની સાલ,
લાલ પાલ ને બાલ જાગ્યા,
ગાંધીએ સ્વહક્ક માગ્યા.



સરદાર જવાહર સુભાષ બોઝ,
ઝાંસી રાણી હિન્દી ફોજ,
બાપુ પાછળ દીવાના લોક,
ઉમટી પડ્યા થોક થોક!

સભા સરઘસ સત્યાગ્રહ,
વિશ્વે ભાળ્યો અજબ વિગ્રહ,

જેલ સ્વીકારી માની મહલ,
દેશે મચી દુર્લભ હલચલ!

જલીયાનવાલામાં હત્યાકાંડ,
વીરજનોએ દીધા પ્રાણ,
દાંડીકૂચ મીઠાની લૂંટ,
'ના કર' લડત લડ્યા ખૂબ!



વિદેશી ચીજની હોળી થઈ,
સ્વદેશી વ્રતની ટેક લેવાઈ,
'ક્વીટ ઈન્ડિયા' એલાન કર્યું,
સુણતાલીસે સાર્થક કર્યું!

આઝાદ થયો ભારત દેશ,
આબાદ કરવો હવે સ્વદેશ,
અડધી સદી તો વીતી ગઈ,
સુખ શાંતિ ના તો યે થઈ!

ભૂખ્યા નાગા હજી યે લોક,
સુખની આશા સઘળી ફોક,
વિચારો સૌ મુદ્દાની વાત,
સૂર્ય ઊગે તો વીતે રાત!

પ્રમાણિક બનીએ વફાદાર,
સત્ય પ્રેમ ને સદાચાર,

સેવા ત્યાગ જો જીવનમાં
તો સંગે જીવશું નંદનવનમાં.
રોજી રોટી પામો શાતા,
ભારતના હો ભાગ્યવિધાતા!

('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પ્રસારિત ૨૬-૨-૯૮)



૫૧. બહુરૂપીઓ બી વાવી ગયા છે!

(ચૂંટણી કાવ્ય)

નવા જૂનાં મુરતિયા
મેદાનમાં આવી ગયા છે
'વરમાળ મને પહેરાવજો'
કાગળ એવા આપી ગયા છે!
સેવાના વચનનો થાળ
મતદારોને ધરાવી ગયા છે,
'સ્વર્ગ નીચે ઉતારશું અમે,'
કહી એમ ભરમાવી ગયા છે!
પાંચ વર્ષનું પાકું કરવા
મતદારોને લલચાવી ગયા છે,
સમજી વિચારી મતદાન કરજો,
બહુરૂપીઓ બી વાવી ગયા છે!



પર. છબીઓમાં જીવે સરદાર છે!

ખૂબ લડ્યા અંગ્રેજો સામે,
જેલો વેઠી મહેલ ગણીને,
બારડોલી ખેડા સત્યાગ્રહ કીધા,
સંસાર સુખની ઈચ્છા હણીને,
સ્વાર્થીઓને ક્યાં કશી દરકાર છે?
કૃતઘ્ની ઓ ભારતના વાસી
જો છબીઓમાં જીવે સરદાર છે!
ગુજરાતનું ગૌરવ વધારી
જગમાં નામ રોશન કર્યું,
સાચા શિષ્ય બાપુના જેણે
સ્વદેશ માટે સર્વસ્વ ધર્યું,
ત્યાગ સેવા ભૂતકાળની વાતો
ભ્રષ્ટાચારની તો ભરમાર છે
વિષ ભરેલી વાણી જૂઠા આચાર છે
જો હવે છબીઓમાં જીવે સરદાર છે!
દેશી રજવાડાં એક કરીને
અખંડ ભારતના શિલ્પી બન્યા,
હક્કની ગાદી છોડી ખુશીથી
નેહરૂથી મૂંઠી ઊંચેરા થયા.
લોહ પુરુષની ચાણક્ય નીતિના
આજે ક્યાં અણસાર છે?
જો હવે તો છબીઓમાં જીવે સરદાર છે!

પ૩. મૂરખ ન બનશો હે મતદારો

(ચૂંટણી કાવ્ય)

ચૂંટણી આવી ત્યારે હવે
ખેલ જોજો માયાવી એના,
સેવક થઈ સાષ્ટાંગ કરશે,
પદ પખારશે જેના તેના!

અન્યથા ન સામું જોનારો
હાથ જોડી વંદન કરશે,
'કામકાજ કહેજો જરૂર'
એમ વિનવતો ઉંબરા ઘસશે!

મૂરખ ન બનશો હે મતદારો,
લોભ શરમ ના લાલચ રાખો,
ભ્રષ્ટ સ્વાર્થી સત્તાંધોને
વીણી વીણી ખંખેરી નાખો!



૫૪. સાવધાન... સાવધાન

(અછાંદસ)

સાવધાન.. સચેત... સાવધાન,
મંદિરમાં યા મસ્જિદમાં,
શાળા, બસ કે ટ્રેઈનમાં,
ભીડભર્યા બજાર સીનેમામાં
અજાણ્યા કો પડોશીથી
રહો નહિ તમે બેધ્યાન,
સાવધાન... સાવધાન!



રાવણ એક હતો લંકામાં,
અહીં તો ક્રૂર રાવણના
સ્થળે સ્થળે છે થાણાં,
નિર્દોષોને મારશે એ,
સામુહિક હત્યાકાંડ સર્જાશે!
માનવ બન્યો છે હેવાન
સાવધાન... સાવધાન!

એને ના ધર્મ છે કોઈ,
ના જાતિ કે દેશ એને,
દયા છે ના નીતિ એને,
હૈયે કાતિલ દ્વેષ છે,
બાળક સ્ત્રી યુવાન વૃધ્ધ
સૌનું જીવન કરશે વેરાન,
સાવધાન... સાવધાન!



('સાગર')

૫૫. સૌથી સારી, જગમાં ન્યારી

આઝાદીના મંગલ ટાણે
વંદુ ભારતમાતા,
તારા અંકે બાળક સૌએ
પામે સુખ ને શાતા.
હરિયાળી ધરતી છે અહીંની,
મબલખ ધાન પકાવે,
શૂરવીર સૈનિક યુધ્ધે ઝૂઝતા
દુશ્મન દાંત ખટાવે.
સિંહનાં ગર્જન જંગલ પડઘે,
ટેહૂક ટેહૂક ટહુકે મોર,
આમ્રઝૂંડે કોયલ કુંજે,
પંખીના છે કલશોર.
ગંગા જમના પાવન સરિતા
માના પાદ પખાળે,
હિમાલયનાં શિખર ઊંચાં,
કીર્તિધ્વજ ફરકાવે.
સૌથી સારી, જગમાં ન્યારી,
ભારતની અમ ભૂમિ.
'વંદે માતરમ્' વીરો ગાતા,
ચરણ માના ચૂમી.



૫૬. હોય નહિ..!

ગાંધી, તમે આ દેશમાં જન્મ્યા'તા?
હોય નહિ.
હા, ગોડસે જન્મ્યા છે અહીં-
નિત માનવતાને મારનારા,
રાવણ પાક્યા છે અહીં-
રાક્ષસી કર્મ સદા કરનારા!
કંસ પણ વસે અમ વચ્ચે
રોજ સ્વજન હણનારા,
દુર્યોધનની ખોટ ના-
આંતર-કલ)હ જગવનારા!
પણ...
અમનના ફરિસ્તા,
અહિંસા વ્રતધારી,
સત્ય ઉપાસક,
સેવા-ભેખધારી
એવા ગાંધી જન્મ્યા અહીં?!
યાદ ના એવું કશું!!



૫૭. ગુજરાતની ગૌરવગાથા

ઈતિહાસે અંકિત છે ગુજરાતની ગૌરવ-ગાથા,
આદિ કવિ નરસિંહે જ્યાં વૈષ્ણવજનનાં ગીત ગાયાં.

અખો પ્રેમાનંદ દલપત નર્મદ, ગોવર્ધન સુંદરમ્,
વિદ્વાન સારસ્વતોએ સેવી જય જય ગુર્જર માતા.

ભૂમિ ગાંધી સરદારની રામ-કૃષ્ણે રળિયાત કરી,
તાપી નર્મદા મહી સાબર પવિત્ર જળ વહે અહીં.

સુવર્ણ નગરી દ્વારિકા યોગેશ્વરે પાવન કરી
મહાન ગુર્જર માતને હું વંદન કરું ફરી ફરી.




૫૮. જેમ તેમ કરી જીતી ગયા!

જેમ તેમ કરી જીતી ગયા
હાશ, કાળાં ધોળાં બહુ કર્યાં!
ખોટાં વચન દીધાં જે અમે,
કોને કરવાં છે પુરાં હવે?
પાંચ વરસે પાછા જઈશું,
ત્યાં લગી પૈસે ગડીંગ થઈશું!
જનસેવાનું લઈને નામ,
અમે કરીએ અમારાં કામ!
જનતાનો જયજયકાર કરો,
સમૃધ્ધિ સઘળી ઘરમાં ભરો,
લોકશાહીની આ જ છે રીત,
જનતાની હાર, નેતાની જીત!



૫૯. ભૂમિ પવિત્ર ભારતમાની

કુરબાન થઈશું દેશ માટે,
આઝાદી રક્ષીશું શિર સાટે,
આબાદ કરશું બાગ અમારો,
માળી થઈશું સિંચન માટે.



ગાંધીજીનો પયગામ સ્મરીને,
ભેદભાવ ના મનમાં ધરશું,
આબાદ ભારત કરવા માટે
દિન રાત દેશની ચોકી કરશું.

રામ થઈને રાવણ હણશું,
કંસ મારીશું કૃષ્ણ સ્વરૂપે,
ભૂમિ પવિત્ર છે ભારતમાની,
જીવશું મરશું એને માટે.




૭૦. આ રાજપુરુષો

આ રાજપુરુષો રાજ કરે ના,
પ્રજાને પૈસે લહેર કરે છે,
એરકન્ડીશન્ડ મોટરમાં ઘૂમે,
અથવા આકાશે સૈર કરે છે!
શાસક હો યા વિરોધપક્ષે
ફેર કશો ના પડતો જેને,
હાથી-દાંતો વિરોધ કરીને
ઢોંગી ધનના ઢેર કરે છે!
કાવાદાવા કૌભાંડોમાં તો
એક નંબરના ઉસ્તાદો છે,
સાધુ વેશે શેતાન છૂપાયા
જનતા પર કાળો કેર કરે છે!

૭૧. આગવું ગુજરાત

આગવું ગુજરાત છે આ,
ભાત એની છે નોખી,
માને તો સૌની આ ભૂમિ,
નરસૈયાએ પોખી.

નાત જાતના ભેદ કશા ના,
ઉજળી એની ભાત,
સૌથી ન્યારું, સૌને પ્યારું,
આગવું આ ગુજરાત!



૭૨. જન્મભૂમિ તું પ્રાણથી પ્યારી

પાપા પગલી અહીં ભરી મેં, ધૂળ ધરાની વ્હાલી,
ડોલતો પડતો આગળ વધતો બાનો પાલવ ઝાલી,
ભારત મા, તુજ ખોળે ખેલ્યાં અમે નથી બિચારાં,
જન્મભૂમિ તું પ્રાણથી પ્યારી સંતાન અમે સૌ તારાં.

અવતાર અહીં લેવાનું તો ભગવાનને પણ ગમતું,
રામ બનીને દશરથ ઘરમાં પ્રભુએ પાડ્યું પગલું,
યમુના કાંઠે રાસ ખેલ્યાં કાન ગોપી ગોવાળાં,
જન્મભૂમિ તું પ્રાણથી પ્યારી સંતાન અમે સૌ તારાં.

વ્હાલ માતાનું જાણે વરસે ચોમાસે ગગન-પાણી,
ઢગલે ધાન ખેતર પાકે વહેતાં સરિતા વારિ.
ટમટમ ટમકતા ગગનમાં શોભે છે લાખ સિતારા,
જન્મભૂમિ તું પ્રાણથી પ્યારી સંતાન અમે સૌ તારાં.

ભર ઉનાળે પલાશ ખીલે, કેસૂડો કામણગારો,
શિયાળે શીતળ પવનમાં પોંક મીઠો મજાનો,
ગરવી ગુજરાતણના કંઠે વહેતી ગરબાની અમૃતધારા,
જન્મભૂમિ તું પ્રાણથી પ્યારી સંતાન અમે સૌ તારાં.

૭૩. યા હોમ કરીને...


'હરિ ઓમ' કહીને બઢો, પ્રભુ સહારો છે,
'યા હોમ' કરીને પડો, વિજય તમારો છે.

જાગો જન જન ભારતના પરિશ્રમ છે પારસમણિ,
'કરશે તેવું પામશે' પરમેશ્વરનો ધારો છે.

દુઃખમાં સહાય કરો દુઃખીની, સુખ શાતા પામશે,
'સૌના સુખે સુખી સ્વયમ્', સજ્જનનો એ ધારો છે.

ભારતમાના સપૂત તમે ગાંધી સરદારના વારસદાર,
'જય હિન્દ' લલકારતા જવાનને દેશ જીવથી પ્યારો છે.

આઝાદ છીએ, આબાદ બનીએ, સંપે જંપ પામે સૌ,
દેશની રક્ષા, સૌની સુરક્ષા, શાંતિ એ ધ્રુવ તારો છે.



૭૪. બંધ કરો, બહુ થયું


બંધ કરો બહુ થયું,
બસ કરો ઘણું કર્યું.
કાપાકાપી બાળંબાળા,
લૂંટફાટને અગનજ્વાળા,
ઘર ને દૂકાનો થયાં સ્વાહા,
કામ ધંધા ઠપ સૌના,
જાન ગયા તે કોણે જાણ્યા?
ઘર પુરાયા કડક કરફ્યુમાં,
હળવા મળવાનું બધું ગયું,
બસ કરો સૌ, બહુ થયું!
ઘરના દુશ્મન જાતે થઈને
સાચા દુશ્મન ખુશ કરવાના,
દેશદ્રોહની આ તો રીતિ,
કૂહાડીના હાથા બનવાના,
ક્યાં ગઈ પરસ્પરની પ્રીતિ?
આબાદ હતું તે બરબાદ થયું,
બસ કરો, બહુ થયું!

(હુલ્લડ પ્રસંગે દૈનિકમાં પ્રગટ)

૭૫. ચૂંટણી ચતુરનો ઢંઢેરો

ઢંઢેરો ભાઈ ઢંઢેરો
ચૂટણી ચતુરનો ઢંઢેરો,
સાંભળો સૌ ભારતજન
ધ્યાન ધરો આ ઢંઢેરો:

'ચૂંટશો અમને જો મતદારો
પાતાળકૂવા ઘીથી ભરશું,
વરસાવીશું દૂધની ધારો,
અનાજના તો ડુંગર કરશું!



મકાન મળશે સૌને વસવા,
સુંદર વસ્ત્રો ને આભુષણ,
નિત ખાવા પામશો મેવા,
દૂર થશે સઘળાં દૂષણ.



શિક્ષણ મફત દઈશું સહુને
દવાના ના પૈસા પડશે,
સાસુ કદી ના લઢશે વહુને,
ઝગડા કહીં ના જોવા મળશે!

આરસપહાણે મારગ મઢશું,
વીજળીની તો ઝાકમઝાળ,

રાતે રોજ રોશની કરશું,
કોયલ કૂંજશે લીમડાની ડાળ!
પાનખર ના પાસ ફરકશે,
વસંત ખીલશે બારે માસ,
બાપ છતે ના બેટો મરશે
એવી કરશું સગવડ ખાસ!

સ્વર્ગ ઉતરશે પૃથ્વી ઉપર,
નરકનો થાશે સ્વર્ગે વાસ,
દેવ સઘળા વસશે ભૂ પર,
કરશું દાનવનો મૂળથી નાશ!'

વોટ માટે આ વચન અમારાં
ધ્યાને ધરજો સર્વે લોક,
મતદાન સુધી માગો તે મળશે
ચૂંટણી પછી સઘળું ફોક!

૭૭. નકાબ ચીરો નકલીઓના

દિવાળીના દીપ નથી આ,
આ તો હૈયાહોળી છે,
ધાન નથી ખાવા ભૂખ્યાંને,
છાતી વિંધવા ગોળી છે!
ટળવળે છે ભૂખે લોકો,
સેવક મેવા ખાય સદા,
રાંક પ્રજાના રક્ત વડે અહીં,
આજ પુરી રંગોળી છે!
ચિંથરે હાલ દશામાં જનતા,
જીવી રહી છે મરવા વાંકે,
શીતાવાસે સેવક સૂતા
તકસાધુની ટોળી છે!
સેંકડો પોઢ્યા છે ફુટપાથે
ચાદર અંબરની ઓઢી,
મહેલાતોના માલિક માને:
'આ તો જનતા ભોળી છે!'
મૂર્ખ હવે ના બનશો પ્યારાં,
નકાબ ચીરો નકલીઓના,
ઝેર તમને દઈને જેણે
અમૃત પ્યાલી ઢોળી છે!



૭૭. અમે ગુજરાતી


અમે ગુજરાતી ઘેલા નથી,
વ્યવહાર ડાહ્યા વેપારી છીએ,
વિચારપૂર્વક ડગ દઈએ,
શાંતિચાહક સંસારી છીએ.
નાતજાતના ભેદ કશા ના,
હળીમળીને સૌ રહીએ,
ભારતમાના સેવક સાચા
ગર્વીલા ગુજરાતી છીએ.

('ગુજરાત' પાક્ષિક - સપ્ટેમ્બર-૦૫)



૭૮. આમૂલ ક્રાંતિ

લાખો લોકો પગે ચાલે છે,
તેથી જ ઘણાને સાયકલ મળે છે,

સાયકલથી એ બધા ચલાવી લે છે,
માટે જ કેટલાક સ્કુટર પામે છે.

સ્કુટરીસ્ટો જો બળવો કરત
તો થોડાંને મોટર ક્યાંથી મળત?

અને મોટરથી એમનાં મન ન માનતાં હોત તો
કોઈ પ્લેને બેસી આકાશે ઊડી શકત કે?

પણ સાવધાન...
પગે ચાલનારો જો જાગશે
ને બંડ પોકારશે ન્યાય માટે
તો આકાશે ઊડનારો ધરાશયી થશે,
ને મોટર સ્કુટર સાયકલ
એ સૌનાં પૈડાં અટકી જશે!
આમૂલ ક્રાન્તિની ચિનગારી
પગે ચાલનારના આક્રોશમાંથી જ પ્રગટશે!

('ગુજરાત' પાક્ષિક ૧૩ થી ૧૯ ડિસેમ્બર-૮૫)

૬૯. વિદેશ ફરવા જાય છે!

(ગઝલ)

લાખ મથું વિસરવા તોયે યાદ આવી જાય છે,
બાપુ તમારું સ્મરણ આજે દિલને દુભાવી જાય છે!

દૂધની નદીઓ વહેતી હતી સદા આપણા દેશમાં,
જનતાના આંસુની ત્યાં સરિતા ના સૂકાય છે!

સૂતા જીવે છે ફૂટપાથ પર હજી હજારો દેશમાં,
ઈમારતોની ઊંચાઈ તો યે રોજ વધતી જાય છે!


ખાવા નથી ધાન કોઠીએ, ભૂખ્યાં સૂવે બાલુડાં,
પ્રધાનપુત્રો તો ય બાપુ ખાઈને માંદા થાય છે!

એક તમારી હાકે મોહન, લાખ મરજીવા દોડતા,
ખુરશી પામી આજ સેવક, વિદેશ ફરવા જાય છે!



૭૦. ધન્ય ધરા ગુજરાતની

ધન્ય ધરા ગુજરાતની, વંદન ગૂર્જર માતા.
સગર્વ સૌ સંતાન તારાં, ગીત હોંશે ગાતાં.



ઊંચે ગઢ ગિરનારના રાણક-સ્મૃતિ જાગે,
દ્વારિકાના દ્વાર પર મોહન-મોરલી વાગે.

જય હે શંભો ભોળા દેવ, સોમનાથમાં વાસો,
સાગર સદા ચરણ પખાળે કીર્તિધ્વજ લહેરાતો.

નરસિંહ સરખા વૈષ્ણવજન ગાતા ભક્તિગીત,
પાવાગઢ મહાકાલીમા, ઉત્તરમાં અંબા સ્થિત.



જાણી સમજી મીરાંબાઈએ ઝેર અહીં પીધાં,
કૃષ્ણકૃપા કેવી થઈ જે વિષનાં અમૃત કીધાં!

તત્ત્વજ્ઞાન દયાનંદનું, સહજાનંદની ભક્તિ,
પવિત્ર નર્મદા નીરમાં નવસર્જનની શક્તિ.

'યા હોમ કરીને પડો ફતેહ છે તમ આગે,'
વીર હાક નર્મદની રણમેદાને જો ગાજે.


ઘર ઘરમાં ગુંજી રહ્યાં છે આખ્યાન પ્રેમાનંદનાં,
મુનશીએ જગમાં જગવી ગુજરાત તારી અસ્મિતા.

(પાછળ)

પુણ્યશ્લોક પાક્યા અહીં મોહન ગાંધી એક,
વિશ્વવંદ્ય વિભૂતિની સત્ય અહિંસા ટેક.

ચાણક્ય બુધ્ધિ સરદારને ઈતિહાસે અમર કર્યા,
સાબરમતીના સંતના જયઘોષ જગમાં વિસ્તર્યા.

પૂણ્યભૂમિ આ ગુજરાતમાં ધન્ય થયો અવતાર,
ઉન્નત મસ્તક જગમાં ઘૂમે ગૂર્જરમાના બાળ.



૭૧. ગુજરાતના ઘેલી જરી

મુંજાલની મઢૂલી છે આ, ગુજરાતના ઘેલી જરી,
પાટણને પટોળે દીપતી રુડી ગુર્જર માવડી.

નર્મદા પાદ પખારે માના, મુનશી ગાઈ અસ્મિતા,
સુરત તાપી તીર ચમકે, રેશમ હીરાએ શોભીતા.

ગાયકવાડી શાને ઝળકે વડોદરા વિદ્યાનગરી,
સાબરમતીને તીર તપતી ગાંધીજીની કર્મભૂમિ.

મહીસાગરનાં નીર નિર્મળ, યાદ શૂરોની આપે,
સ્મરણ મીઠાં વીર વલ્લભનાં કરમસદમાં જાગે.

નરસૈયો ભક્ત હરિનો ગિરિ તળેટીએ ગાતો,
મીરાં-સાદે ગિરિધર નાગર દોડી વ્હારે ધાતો.

દ્વારિકામાં કૃષ્ણ વિરાજે, ઉત્તરે અંબા માતા,
નર્મદ દલપત સુંદરમ્ ગીત માનાં ગાતા.

મનહર ભૂમિ ગુજરાતની દિલ લેતી ચોરી,
ઉમાશંકરે સ્તવી સાચે: 'ગુજરાત મોરી મોરી.'

('ગુજરાત' સાપ્તાહિક વર્ષ:૩૦, અંક-૪)

૭૨. અચરજ

(મુક્તક)

માર્ગે જતા મુસાફરને હિંસક પશુ ય નડતાં નથી,
એક સાથે રહેતાં બે ઢોર પણ કદી લડતાં નથી,

પરિચિતોને તો પોળનાં કૂતરાં પણ ભસતાં નથી,
દબાયા વિના તો ઝેરી સર્પ પણ ડસતા નથી.

કિંતુ ચંદ્ર પર પહોંચનારા ઈન્સાનનું અચરજ જુઓ,
ધર્મને નામે એ પડોશીને રહેંસતાંય ડરતા નથી!

('લોકસત્તા' ૧૪-૪-૯૦)

૭૨–એ

હાઈકુ

ઘન ગરજ્યો,
જરીયે ના વરસ્યો,
વાણી નેતાની!

૭૩. અખંડ બનો યારો હવે

હજારો વાર તમે અમને મૂર્ખ બનાવ્યા છે,
તમારા સ્વાર્થને કાજે સદા અમને લડાવ્યા છે.

નથી લેબલ લગાવ્યું ઈશ્વરે ઈન્સાનની ઉપર કશું,
હિન્દુ મુસલમાન કે શીખ અમે જાતે બનાવ્યા છે.

મજહબનો આદેશ એવો : 'માનવ સાચો માનવ બને,'
ધર્મને નામે ધતિંગ બધાં ખુરશી કાજ ચલાવ્યાં છે!

એક ધ્યેય છે ધર્મનું અલ્લાહ- પ્રભુને પામવો,
કાશી મક્કા કે મથુરાં, માર્ગ અલગ બનાવ્યા છે.

ગાદીની હિફાજતમાં ઊભા કર્યા છે ભેદ જૂઠા,
વટાવી ધર્મની ચિઠ્ઠી અમારા વોટ પડાવ્યા છે.

એકદિલ ને નેકદિલ અમે ઈન્સાન હતા સાચા,
ધર્મને હથિયાર બનાવી દુશ્મને છેદ કરાવ્યા છે.

મજહબ ન પાડે ભેદ ભાઈમાં, હૃદયમિલન કામ એનું,
અખંડ બનો યારો હવે, ધૂર્તોએ ખંડ પડાવ્યા છે!



૭૪. કદાચ કાલે...

ચૂંટાઈ ગયા છીએ, લઈ લો લાભ,
ગાદીએ બેસી ભોગવી લો બાપ,
આજ મળ્યું તે માણી સૌ લઈએ,
કદાચ કાલે ઘરભેગા થઈએ!

તક આવી છે ખુરશી લો ખેંચી,
સત્તા મળે તો ઈમાન દો વેચી,
ગાદી આપે તે પક્ષે જઈ ભળીએ,
કદાચ કાલે ઘર ભેગા થઈએ!

સેવાની વાતો લોકોને કહી,
ઢંઢેરામાં એ સઘળી છો રહી,
પક્ષપલટામાં શરમ ન ધરીએ,
કદાચ કાલે ઘરભેગા થઈએ!

('પુસ્તકાલય')

૭૫. સેવાનો સંકલ્પ કરીએ

પ્રાણ પાથરી લાખો જવાનો શહીદ થયા,
કોડીલી નવોઢાઓનાં અકાળે સિંદુર ભૂસાયાં,
લાડકવાયા સુત સેંકડો રણભૂમિમાં રોળાયા,

બેની ગાયાં ના હાલરડાં, યુધ્ધગીતો લલકાર્યાં,
ગાંધી સરદાર સુભાષ ભગતસિંહ ઝાંસી રાની,

સાવરકર સમ સ્વાતંત્ર્ય વીરો કફન બાંધી
ઝઝૂમ્યા જીવનભર મુક્તિ કાજે માતની,

ત્યારે દેશે આઝાદીનાં અજવાળાં થયાં,
રક્ષા એની એ જ હવે કર્તવ્ય અમારાં,

સ્વાર્થ ત્યાગી સર્વે રહીએ ભારતમાનાં બાળ,
એક બનીને ગગન ગજવીએ આઝાદીનાં રખેવાળ.

સ્વાતંત્ર્યદિને સ્મરીએ સૌએ દેશદાઝ વીરોની,
સેવાનો સંકલ્પ કરીએ એક બની, સૌ નેક બની.



૭૬. કોણ સમજાવશે?

કદી દર્શન ન દેતા નેતાઓ
હવે તમારા પગ પખાળશે,
જૂઠ્ઠાં વચનોના થેલા તમારે
આંગણે નિત નિત ઠલવાશે,
સ્વર્ગનાં સુખ હાથમાં દેખાડી
સફેદ ઠગ ફરી મૂરખ બનાવશે!
તોય હે લાચાર દેશવાસીઓ,
જાણીને કૂવામાં પડવા સિવાય
તમે બીજું કરવાના ય શું હતા?
ચૂંટણી ટાણે આટલું કડવું સત્ય
તમને કોણ સમજાવશે મતદારો?

('લોકસત્તા' ૧૧-૪-૯૧)



૭૭. કેમ હોય છે?

જુદા જુદા ધર્મે માનવ જુદા હોય તો
બધાંના લોહીનો રંગ લાલ કેમ હોય છે?
અલગ અલગ મજહબે હાલત અલગ હોય તો
બધા જ વૃધ્ધોને સફેદ બાલ કેમ હોય છે?
ભિન્ન ધર્મની મહોરથી મન બદલાતાં હોય તો
સૌ આશકોને પ્રિય માશુકના ગાલ કેમ હોય છે?
સદ્‌કાર્યને માટે ય જો મરવું ગમતું હોય તો
દરેક તલવારની સાથે એક ઢાલ કેમ હોય છે?
આચાર્યો પયગંબરોએ તો પ્રબોધ્યા છે 'દયા નીતિ,'
ધર્મના પાયાના ક્યાં કશા જુદા ખ્યાલ હોય છે?

('ગુજરાત' પાક્ષિક - દીપોત્સવી- ઓક્ટો-૯૦)

અભેદ

એક હિન્દુ કે શીખ, બીજો મુસલમાન છે,
એક ગીતા કે ગ્રન્થ સાહિબ, બીજુ કુરાન છે,
કહો ક્યાં લખ્યું છે : 'વિધર્મીને દુશ્મન ગણો?'
સત્ય, અહિંસ, પ્રેમ, દયા, સૌના એક સિધ્ધાંત છે!

૭૮. તો જાણશો કે...

ચારે કોરથી કૌવવ કરતા નેતાઓ ઉતરી આવે,
ને આકાશનો ચાંદો જો એ હથેળીમાં બતાવે,
ધોળે દહાડે જો એ સૌને સ્વર્ગનાં સપનાં દેખાડે,
તો જાણજો કે સ્વાર્થાંધો ચઢ્યાં છે ચૂંટણી ચકરાવે!

('એકમેક')

શરાબી હે!

શકોરું લઈ ભીખ માગશો,
રાય હશો તો ય રંક લાગશો,
બહુ બદનામ થશો હે શરાબી,
સ્વજનોને ય સાવકા લાગશો!



૭૯. ગુજરાત રચી દઈએ.

દેશ કે વિદેશે જ્યાં અમે ગુજરાતી જઈએ,
નાનું સરખું એક નવું ત્યાં ગુજરાત રચી દઈએ.

માનવતા છે ધર્મ અમારો, પ્રેમ દિલથી કરીએ,
અતિથિ જો આંગણ આવે તો ઘેલા ઘેલા થઈએ.

વિશ્વ શાંતિમાં વિશ્વાસ અમારો, શ્રધ્ધા બાહુબળમાં,
કર્મને અધિકાર ગણીએ, આસક્તિ ના ફળમાં.

'વ્યાપારે લક્ષ્મી વસે છે', શાણો ગુજરાતી જાણે,
સુખ દુઃખની ભરતી-ઓટનું ચક્ર ફરતું ગણીએ.

સાગર સરખું પેટ અમારું, દરિયા જેવું દિલડું,
ઊંચેરા આદર્શ જીવનના, ન્યાય નીતિથી રહીએ.

સૌને દેવું, ના કંઈ લેવું, સિધ્ધાંત એ સાચવીએ,
શિર સાટે દેશ રક્ષીને, 'જય ભારત મા' ગઈએ.

૮૦. મા ભોમ મારી

સુજલામ્ સુફલામ્ મમ દેશ હતો,
શ્રીરામ કૃષ્ણનો જ્યાં વાસ હતો,


બુધ્ધ ગાંધીએ સેવી આ ધરતીમાં,
દયા અહિંસા સત્યનો શ્વાસ હતો.

સ્વચ્છંદે આજ ત્યાં દાંડ ફરે છે,
ગાયો ભૂખી છે, પણ સાંઢ ચરે છે,

ચોમાસો પણ પ્યાસી જનતા,
'નર્મદે હર' નો જ્યાં નાદ હતો!

આજ પ્રજાસત્તાકે વરદાન દે પ્રભુ:
'મા ભોમ મારી ફૂલે ફળે ફરી,'

સશ્યશ્યામલામ્ પુનઃ બને ધરતી મા,
સ્વયમ્ તુંય પ્રભુ, આ ભૂમિનો દાસ હતો!



૮૧. હે સ્વાતંત્ર્યદેવી!

હે સ્વાતંત્ર્યદેવી! પ્રણમું તને હું,
પ્રજાસત્તાક પર્વે વંદન અમારાં.
લાડલા પુત્રો માતના, વીરા વહાલા બેનના,
કોડીલીના કંથ ઝઝૂમ્યા દેશ કાજે,
આઝાદી-યજ્ઞે નરવીર યોધ્ધા,
હસતે મુખે કંઈ સ્વર્ગે સિધાવ્યા,
સ્વતંત્ર ત્યારે થયો દેશ પ્યારો.
પણ હાય આજે વરવા સ્વરૂપે
નિજ માતનાં ચીર સંતાન ખેંચે!
આઝાદ ભલે પણ આબાદ થયા ના,
સ્વાર્થીજનોના પ્રપંચે ફસાઈ
વેરઝેરની રચીને દીવાલો,
પરસ્પરને હણે ભાઈ ભાઈ!
પાછા વળો સૌ, અરે સત્ય સમજો:
'જીવવું સુખે ને જીવવા ય દેવું,'
જીવનમંત્ર સાચો ધરી ધ્યાનમાં એ
સ્વાતંત્ર્યદિને કરો શુભ પ્રયાણ.

(ગુજરાત : પ્રજાસત્તાક દિન વિશેષાંક- ૨૭-૧-૯૧)

૮૨. સળગી રહી છે સરહદો

યા હોમ કરવાની ઘડી આવી છે, પાછી પાની હવે નહિ,
મા ભારતીનાં ચીર ખેંચાયાં, લાભ હાનિ જોશો નહિ.
એક થઈને ઊભા રહીએ, છોડી સઘળા વાદવિવાદો,
જાગો યુવાનો દેશના, સળગી રહી છે સરહદો.

નાદ સુણી દુદંભીનો સિંહ-બાળો સૂતા જાગે,
મર્દ પડે મેદાને ત્યારે ચીસ પાડી કાયર ભાગે.
નાપાકોનો કરો સફાયો તોજ ટળે સંતાપો,
જાગો યુવાનો દેશના, સળગી રહી છે સરહદો.

કાશ્મીર માટે કારસ્તાનો વરસોથી કરતા રહે,
આતંકવાદી અહીં મોકલી નિર્દોષોને હણતા રહે,
લોકશાહી દેશ છે ભારત, પડોશીઓ સરમુખત્યારો,
જાગો યુવાનો દેશના, સળગી રહી છે સરહદો.

મોટા મનનો બદલો ખોટો દીધો સદા પડોશીએ,
પાર્લામેન્ટ પર પણ વાર કીધો છે વિશ્વાસઘાતી વિદેશીએ,
તમે શિવાજી, સરદાર, ભગતસિંહ, સુભાષ સરખા સપૂતો,
જાગો યુવાનો દેશના, સળગી રહી છે સરહદો.

૮૩. ગામ વચ્ચે ગોળી મારો

આઝાદ ભારતમાં આજે સત્તાંધો ને લહેર છે,
સ્વતંત્રતાના ફળની મહેફિલ કૌભાંડીઓને ઘેર છે;
સ્વપ્ને નથી સેવા કરી, સ્વાર્થી એનું લોહી છે;
ગામ વચ્ચે ગોળી મારો, એ દેશ-દ્રોહી છે!

કરોડોનાં કૌભાંડ કરી ગાદી પર ચીટકી રહે,
ભૂખે મરે છે હંસ અહીં ને કાગડા મોતી ચરે;
સાધુના સ્વાંગમાં ફરતા ના એ નિર્મોહી છે,
ગામ વચ્ચે ગોળી મારો, એ દેશ-દ્રોહી છે!

પોલીસથી પ્રધાન સુધીની કડી બધી જોડેલી છે,
લાંચ રિશ્વતમાં ટકાવારી સૌની બાંધેલી છે;
રાવણથી રામ સુધીની રફતાર વહી પુરાની છે,
ગામ વચ્ચે ગોળી મારો, એ દેશ-દ્રોહી છે!





લેખકનો પરિચય



નામ :- ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ.
(M.A., M.Ed.)

જન્મ :- ૨-૨-૧૯૩૦

વતન :- અછાલિયા (જિ.ભરૂચ)

કર્મભૂમિ :- વડોદરા (૧૯૪૦ થી...)

અભ્યાસ :- એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ), બી.એ., એમ.એ. અને એમ.એડ્. જેવી ડિગ્રીઓ મેળવી. બી.એ. માં આર.બી.જી.એચ. કાંટાવાલા પ્રાઇઝ અને એ.કે.ત્રિવેદી પ્રાઇઝ મેળવ્યાં. કોલેજ કાળથી જ લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન **F.S.R.** કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫ આચાર્ય : શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લા.
- ૧૯૫૬ થી ૧૯૮૮ શ્રી નારાયણ હાઈસ્કુલ વડોદરામાં અધ્યાપન કાર્ય.
- વડોદરા શહેર માધ્યમિક શિક્ષક સંઘમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચૂંટાયા.
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા જેવી આંતરરાષ્ટ્રીયખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર રસાકસીભરી ચૂંટણીમાં સેનેટર તરીકે ચૂંટાયા. ‘ગુજરાતસમાચાર’માં ‘દીવાદાંડી’ અને ‘સાંસારિકા’ નામક સાપ્તાહિક કોલમના પૂર્વ કટારલેખક.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી અને ઉપપ્રમુખ.
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા ‘પ્રેમાનંદ સાહિત્ય સભા’ વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી.
- ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની સામાન્ય સભાના પ્રતિનિધિ (૨૦૦૩ થી...)
- ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ની મધ્યસ્થ સમિતિના સભ્ય (૨૦૦૫ થી...)
- ‘પ્રેમદીવાની’ થી ‘કુમ કુમ પગલે’ જેવી છ સામાજિક નવલકથાઓ અને ચાર નવલિકા સંગ્રહો (‘સ્નેહદીપ’ – ‘ઘર ભણી’ અને ‘આંબાની ડાળે’)ના લેખક તથા ‘છબછબિયાં’ અને ‘ચાંદામામા પોળી’ જેવા બાલકાવ્ય સંગ્રહોના કવિ. ‘ગૌરી મારા ગામની’ (કાવ્ય સંગ્રહ)ના કવિ.

- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઈ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, નાટકો, ચિંતનલેખો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી. પરથી નાટકો ટેલીકાસ્ટ થયાં છે.
- **Reference India, Twentyeth century Distinguished who is who અને Indo Arab who is who** જેવાં પાંચેક આંતરાષ્ટ્રીય ગ્રંથોમાં શ્રી ચંદ્રકાન્તભાઈનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.
- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વ મંત્રી અને 'વડોદરા બ્રહ્મભટ્ટ સમાજ'ના સ્થાપક પ્રમુખ.
- કારેલી બાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંજળના પૂર્વ મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને ટ્રસ્ટી.
- 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના તંત્રી લગભગ ૩૨ વર્ષની તંત્રી તરીકેની સેવા.
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂા. એક લાખની થેલી શ્રી ચંદ્રકાન્તભાઈને અર્પણ કરી હતી, જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- તેમના ધર્મપત્ની સૌ. કલાબેન જાણીતા લેખક પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)નાં પુત્રી છે. અને 'બ્રહ્મભટ્ટ ભગિની મંડળ', વડોદરાનાં પૂર્વપ્રમુખ છે.
- 'દૂરદર્શન'(અમદાવાદ) પરથી શ્રી ચંદ્રકાન્તભાઈની દીર્ઘ સાહિત્યિક સફર એમની મુલાકાતરૂપે ટેલીકાસ્ટ થઈ છે.